Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

ા રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૦ • તા. ૨૫ જુલાઈ ૨૦૧૬ થી ૩૧ જુલાઈ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-1

## ચાલીસગામ તીર્થે રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬ના • ચાતુર્માસ પ્રવેશ
## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમના તેજસ્વી વિદ્યાર્થી - દાતાઓનું સન્માન
## ''શ્રી પદ્મ મુક્તિ જય પન્ના પરબ''નું ઉદ્ઘાટન
















## ચાલીસગામ તીર્થે ચાતુર્માસ પ્રવેશ

ચાલીસગામ તીર્થે અષાઢ સુદ ૬, રવિવાર, તા. ૧૦ જુલાઈના સવારના માતુશ્રી જયાબાઈ ઝવેરચંદ મોમાયાના ઘરેથી વાજતે ગાજતે તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા એવં શુભાશીર્વાદથી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી પ.પૂ.ગુણલક્ષ્મીશ્રી મ.સા., પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ શ્રી પદ્મપ્રભ જિનાલય - ઉપાશ્રયે થયેલ. ગામોગામથી સારી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ પધારેલ. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પૂજ્યશ્રીનો ગુરુપૂજનનો લાભ માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવારે (કોઠારા, ચાલીસગામ - વિદ્યાવિહાર) લીધો.

કામળી વહોરાવવાનો લાભ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (કચ્છ, વરાડીયા - હાલ મલકાપૂરવાળા)એ લીધેલ. સૂત્રધિકારે પ.પૂ. જયશેખરસૂરિ વિરચિત 'સંબોધ સિત્તરી' ગ્રંથ વહોરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ દામજી પોલડીયા (કચ્છ બારોઈ) હસ્તે દીપકભાઈ (ભુસાવળવાળા)એ લીધેલ. ચારિત્રાધિકારે ''સાગરાદિત્ય કૈવલિ'' ચરિત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી સરલાબાઈ લક્ષ્મીચંદ નાગડા હસ્તે પ્રજ્ઞેશ નાગડા (કચ્છ નલીયા - હાલ ઝાલનાવાળા)એ લીધેલ.

સંઘ પ્રમુખ શ્રી મનિષભાઈ લોડાયાએ પધારેલા સહુ મહેમાનોનું સ્વાગત કરી સંઘ પરિચય સહ ચાતુર્માસ આરાધના કાર્યક્રમનો પરિચય કરાવ્યો. પ્રીતીબેન પોલડિયા અને શોભનાબેન લોડાયાએ સ્વાગત ગીત દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું.

બહારગામથી પધારેલા ઔરંગાબાદ, ઝાલના, દેવલાલી, પારોલા, ધુલિયા, જલગામ, ચોપડા, પાચોરા, કલકત્તા, અંકલેશ્વર, બરોડા, પલાસનેર, મુલુંડ, ભાંડુપ, મસ્જિદબંદર, મલકાપુર આદિ સંઘોના પ્રતિનિધિઓનું બહુમાન કરવામાં આવેલ.



## શ્રી પદ્મ મુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ :
## 'શ્રી પદ્મ મુક્તિ જય પન્ના પરબ''નું ઉદ્‌ઘાટન

શ્રી પદ્મ મુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ - ચાલીસગામ દ્વારા અન્ન-પાન દાન સહ સાધર્મિક ભક્તિની અનુમોદનીય પ્રવૃત્તિ ચાલુ છે. પૂજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે 'શ્રી પદ્મ મુક્તિ જય પન્ના પરબ''નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. આ પરબનો પુણ્યવંતો લાભ શ્રીમતી પન્નાબેન જયંતિલાલ શાહની પાવન સ્મૃતિમાં હસ્તે સૌ. ગીતાબેન મુકેશ લોડાયા તથા સૌ. રૂપાલીબેન ચંદ્રેશ દંડ, ભરૂડિયા પરિવારે લીધેલ છે. શ્રી પદ્મ મુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્‌જ્ઞાન અભ્યાસક્રમ તેજસ્વી વિદ્યાર્થી - દાતા સન્માન







શ્રી શંત્રુજય મુક્તિ સમ્યગ્‌જ્ઞાન અભ્યાસક્રમ અંતર્ગત એપ્રિલ ૨૦૧૬માં લેવાયેલ પરીક્ષામાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે ચંદ્રક - સ્લોકરશીપ મેળવનાર વિદ્યાર્થીઓનો તથા નુતન દાતા પરિવારોનો સન્માન સમારંભ પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે આયોજીત કરવામાં આવેલ. મુંબઈ, અંકલેશ્વર, બરોડા, કલકત્તાથી ચંદ્રક વિજેતા વિદ્યાર્થીઓ પધાર્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સુચારૂ રૂપે સંચાલન શંત્રુજય એકેડમી વતી સૌ. કાશ્મીરાબેન લોડાયા તથા સૌ. શિલ્પા અજાણીએ કરેલ.

સ્કોલરશીપ તથા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવવાની વિવિધ વસ્તુઓનો લાભ સૌ. શિલ્પાબેનના વરસીતપ નિમિત્તે શ્રી કલ્પેશભાઈ માણેકજી છેડા (કચ્છ, જસાપર - હાલ જલગામ)વાળાએ લીધેલ. દાતા પરિવારોનું બહુમાન શંત્રુજય એકેડમી વતી શ્રી મનિષભાઈ તથા શ્રી દલેશભાઈએ કરેલ. વિદ્યાર્થીઓએ ટુંકમાં પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા. બપોરના પણ વિદ્યાર્થીઓ માટે ચર્ચા સત્ર રાખવામાં આવેલ, તેમાં પણ વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ભાગ લીધેલ.

# આણંદ પરિવારનું ગૌરવ



CA, LLB દેવાંગ કુમાર દંડ
(તેરા - ભાંડુપ)

CAની પ્રતિષ્ઠિત પદવી પ્રાપ્ત કર્યા બાદ હવે LLBની પદવી મેળવવા બદલ

*Congratulations*

પંચ પરમેષ્ઠી અને દેવ-ગુરુની કૃપાએ, વડિલોના આર્શીવાદ અને
પોતાની ધગશ-મેહનત-પુરૂષાર્થ થકી CA થયા બાદ LLBની પદવી મેળવેલ છે.
જીવનની સફરમાં  વધુને વધુ ઉચ્ચ લક્ષ્યો સિધ્ધ કરે અને સતત ઝળહળતી
સફળતા પ્રાપ્ત કરે, એવા અંતરના આશિષ.

**તારી પ્રગતિ પર ગૌરવ અનુભવનાર**

દાદાણાં : માતુશ્રી નવલબેન બાબુભાઈ દંડ
નાનાણાં : ડૉ. વીરેન દેવશી ડાઘા – વરાડીયા
માતા-પિતા : અ.સૌ. તોરલ કુમાર દંડ
(99209 35414 / 93226 80008 / 93202 78222)
ભાઈ : ચિ. ચિંતન કુમાર દંડ (B.Tech.)

**KUMAR & CO.**
TAX AND FINANCE CONSULTANT

**DEVANG KUMAR DAND AND ASSOCIATES**
CHARTERED ACCOUNTANTS

**COMPUTER CONSULTANCY**
ACCOUNTS ADVISOR, ASSISTANCE IN BANK FINANCE, LIC, ICICI PRU ADVISOR

**EXCELLENT ELECTRONICS PVT. LTD.**
SOFTWARE, COMPUTER NETWORKING SYSTEMS & PERIPHERALS

**ANANT INVESTMENTS**
BSE - NSE - MUTUAL FUND

## Hearty congratulations!!

To

**Pooja Mukesh Maisheri**
(May 1992)

*For having completed*

- **Masters in Industrial Design(Product Design)**
  With **92.4%**
  From **School of Design Studies (UPES Dehradun)**
- **BTech (IT)** from **University of Mumbai**
- **"Visharad"** in **"Kathak"** from **Gandharva University**
  performing excellently with "A" Grade
- **"Adventure Course "with Grade "A" from "Nehru Institute of Mountaineering Uttarkashi"**



We wish her All the very best for her all Endeavour Specifically Design Career.

Revantibai Virchand Maisheri- Jakhau
Nayana Tilak Maisheri *Nagpur*
Prita Mukesh Maisheri *Thane*
Meena Vimal Maisheri *Yavatmal*
Trupti Rajesh Maisheri *Pune*

Kantabai Thakarshi Lodaya - Parjau
Manisha Jayesh Lodaya *Ahmedabad*
Sushma Mahesh Lodaya *Ahmedabad*
Contact no: 022-25411864 +91-9869021621

# ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વર્ગવાસ : તા. ૨૭/૦૭/૨૦૧૨

## સાંધવરત્ન
## શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા

### ।। પિતૃદેવો ભવ ।।

જિંદગીમાં ઘણી વાર ખોવાઈ જાય છે.
અનુસંધાનનું પાનું.
હે પિતાશ્રી,
આપ ભલે અવારનવાર અમારાથી
દૂર અને નજીક જતાં આવતાં રહો છતાં
યુગ-યુગાંતરને પેલે પાર
અમે તો હંમેશા શોધતા રહેવાના છીએ
તમારી સાથેનું અમારું
અનુસંધાનનું પાનું.
ક્યાંક તમારા હૃદયને ઠેશ પણ પહોંચાડી હશે
તો ક્યાંક વળી
ઉત્સવનો હિલ્લોળ પણ અમારી સંગે આપે માણ્યો હશે.
સુખમાં ને દુઃખમાં આપે અમારો સંગ જાળવ્યો હશે
અને અમે પણ આપનાં પગલાંને અનુસર્યા હઈશું.
કાળની કેડીએ સુસવાટા મારતા પવનમાં
અમે ખોવાઈ જવા નહિં દઈએ,
શોધી કાઢીશું
અનુસંધાનનું પાનું



*સસ્નેહ વંદન*

**કાંતા મુલજી લોડાયા**

અ. સૌ. જયશ્રી અને ડૉ. કાંતીલાલ નરશી દંડ
અ. સૌ. આશા અને નરેશ લક્ષ્મીચંદ સોની
અ. સૌ. મનીષા અને બકુલ પંઢરીનાથ પાટીલ
દિનેશ - મીતુ, અમીત - ધારીણી,
પૂજા, આદિત્ય, પ્રેશા, નિર્મિત, હેમાંગ અને વિહા તથા
MRL Group of Companies નો સમગ્ર સ્ટાફ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 30/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

## 'સમસ્ત મહાજન'ની વિચારધારામાં આમૂલ પરિવર્તન આવશે ?

આગામી ૭ ઑગસ્ટના 'સમસ્ત મહાજન'ના ટ્રસ્ટ બોર્ડની સભા મળી રહી છે. જેમાં ખાસ કરીને ૩ મેનેજીંગ ટ્રસ્ટીઓ, એક સેક્રેટરી જનરલ અને મહાસમિતિમાં ૧૦ કો-ઑપ્ટ સભ્યોની નિમણુંક કરવાની કાર્યસૂચિ મૂકાઈ છે તે દૃષ્ટિએ આ સભાની કાર્યવાહી જ્ઞાતિના સમાજપટ પર કોઈ પણ કે કેવો સંચાર જગાવી શકશે તે વિશે ઉત્સુકતાની મીટ મંડાઈ છે તે સ્વભાવિક છે.

સમસ્ત મહાજનની વર્તમાન ૨૦૧૬-૨૦૨૧ની મહાસમિતિમાં અને તેને પરિણામે ટ્રસ્ટ બોર્ડમાં ઘણાં નવા ચહેરાઓ આવ્યા છે તે હકીકત ઘણી બધી રીતે સૂચક છે.

વિગત મહાસમિતિ અને તે રીતે ટ્રસ્ટબોર્ડમાંના ઘણાં સામાજિક વિચારક અને અનુભવી સભ્યો-ટ્રસ્ટીઓએ પોતાની પુનર્નિયુક્તિમાં રસ દાખવ્યો નથી, ઉલ્ટાનું સાતેક વર્ષ પહેલાં જે આશા-ઉમંગથી તેઓ 'સમસ્ત મહાજન'માં જોડાયા હતા તે સઘળા ઉત્સાહ-ઉમળકાનું જાણે ભ્રમનિરસન થઈ ગયું હોય તે રીતે તેઓ છેલ્લાં બે-ત્રણ વર્ષથી સમસ્ત મહાજનથી તદન વિમુખ થઈ ગયા હતા. એટલે સ્વભાવિકપણે તેમણે સામે ચાલીને સમસ્ત મહાજનના પુર્નગઠનમાં નથી રસ દાખવ્યો, નથી તેમના સ્થાનિક મહાજને તેમને સમસ્ત મહાજનમાં તેનું પ્રતિનિધિત્વ સ્વીકારવા આગ્રહ કર્યો.

અલબત્ત, છેલ્લાં સાતેક વર્ષ દરમ્યાન કેટલાક સ્થાનિક મહાજનોમાં પણ સત્તા પરિવર્તન થયાં છે તેથી તેમના વર્તમાન ટ્રસ્ટીગણ કે વ્યવસ્થાપક સમિતિને પણ પોતપોતાના કારણોસર, સમસ્ત મહાજનમાં પ્રતિનિધિત્વ કરવા જુના જોગીઓને બદલે પોતના મહાજનમાંથી નવા ચહેરાઓને મોકલવાનું યોગ્ય લાગ્યું હોય તેવા અપવાદો બાદ કરીએ તો બાકીના મહાજનોના જુના પ્રતિનિધિઓ જેઓ પરિપક્વ અને અનુભવી કાર્યકરો હતા તેઓ સમસ્ત મહાજનની કાર્યવાહીમાં ફરીથી ભાગ લેવાથી દૂર રહ્યા તે હકીકત વધારે પ્રસ્તુત ગણાવી જોઈએ અને તેના કારણો તપાસવા જોઈએ.

આ કારણોમાં ખાસ કરીને છેલ્લાં પાંચેક વર્ષ દરમ્યાન સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ સહિતનો જ્ઞાતિની એક માત્ર કેન્દ્રીય સંસ્થાનો અધિકારી વર્ગ, જ્ઞાતિના તમામે તમામ વસવાટ સ્થાનોમાં અસરકારક રીતે પ્રસાર-પ્રચાર કરવામાં અને ઈતર કે જૈન સમાજમાં જ્ઞાતિની પ્રભાવી પ્રતિભા ઉભારવામાં પ્રયાસપણે સક્રિય ન રહ્યો તે મુખ્ય છે.

આમ તો એક રીતે, કેવળ અધિકારી વર્ગ નહીં પણ ગત મુદતની મહાસમિતિના તમામ સભ્યોને પણ આ બાબતે સરખા જવાબદાર ગણી શકાય પરતું દરેક સંસ્થાનો વહીવટી દોર મુખ્ય સંચાલકો સંભાળતા હોય છે તે દૃષ્ટિએ તેઓ કેટલા સંનિષ્ઠ અને ખંતીલા છે તેના પર આખી સંસ્થાની પ્રતિભા ઉભરતી હોય છે.

''આમાં પણ, સમસ્ત મહાજન દ્વારા કરાયેલ પત્રવ્યવહાર અને કેલેન્ડરોમાં ન કોઈની માથે સદા સર્વદા સૌની સંગાથે'' જેવા લોગો-સૂત્ર દ્વારા છેલ્લાં આ કેટલાંક

વર્ષો દરમ્યાન સંસ્થાના ધ્યેય-ઉદ્દેશ્યોનો ગલત સંદેશ અપાતો રહ્યો છે તેમજ ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની સભાઓમાં સંસ્થા (સમસ્ત મહાજન) કોઈ ફંડ/કોર્પસ ફાળો એકત્ર કરી શકતી નથી પરંતુ તેનો ઉદ્દેશ્ય જ્ઞાતિ મહાજનો અને સંસ્થાઓ વચ્ચે સંકલન સેતુ ઊભો કરવા પૂરતો જ મર્યાદિત છે તેવી મેનેજીંગ ટ્રસ્ટીઓ સહિતના અધિકારી વર્ગની સતતપણે થયેલી રજુઆતોને તેમને લીધે સંસ્થાની સભાઓ મુખ્યતઃ કાં તો ઔપચારિક કક્ષાની જ રહી છે અથવા તો જ્ઞાતિને સ્પર્શતા અગત્યના મુદ્દે કોઈ નક્કર નિર્ણય લેવાની સભાની કાર્યસૂચિ 'નરો વા કુંજરો વા'માં પરિણામી છે.



| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


આને કારણે સમસ્ત મહાજનના અધિકાંશ કાર્યકરોમાં છેલ્લાં ઘણા વખતથી તેના બંધારણમાં નિર્દિષ્ટ ધ્યેય-ઉદ્દેશ્યોથી તદ્દન વિસંગત અને વિપરીત વિચારધારા પ્રવર્તી રહી છે તેમાં આમૂલ પરિવર્તન લાવવાનો સમય હવે પાકી ગયો છે.

સમસ્ત મહાજનના બંધારણમાં "જ્ઞાતિની સર્વાંગિક, સામાજિક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, નૈતિક, આવાસ, ખેલકૂદ, રોજગાર તથા આરોગ્યની પ્રગતિ માટે સર્વદિશીય કલ્યાણ અને વિકાસમાં કાર્યો કરવા અને તે અંગે માર્ગદર્શક તથા સહાયભૂત થવાનો ઉદ્દેશ સર્વ પ્રથમ ક્રમે દર્શાવાયો છે, તેટલો જ ઉલ્લેખ કરીએ તો, 'સમસ્ત મહાજન'ના કાર્ય અને પ્રવૃત્તિઓની વ્યાપકતા પર કોઈ લગામ તાણવાનો કે મર્યાદા મૂકવાનો પ્રશ્ન ઊભો થતો નથી તેનો નિર્દેશ હવે આ તબક્કે તો સર્વ સંબંધિતોમાં સ્પષ્ટ થઈ જવો જોઈએ.

એટલે જ, હવે આગામી પાંચ વર્ષ માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ અને સેક્રેટરી જનરલની નિમણુંક કરવાનો તખ્તો ગોઠવાયો છે ત્યારે, અત્યાર લગી સેવાયેલી સંકુચિત મનોદશાને અતિક્રમીને જ્ઞાતિના સર્વ આબાલવડિલોમાં જ્ઞાતિ પ્રીતિના ઉમંગોનો સંચાર કરવા અને સર્વ મહાજનો, સંસ્થાઓના સંચાલકોનો સાથ લઈને જ્ઞાતિના "સર્વ દિશીય કલ્યાણ અને વિકાસ" માટે સમગ્ર જ્ઞાતિના વિશાળ વ્યાપને આવરી લેવા પ્રતિબધ્ધ હોદ્દેદારોને સત્તા ધૂરા સોંપાય તેવી આશા રાખીએ.

**- રા.**

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી મંડળની સભા

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની એક સભા રવિવાર, તા. ૦૭/૦૮/૧૬ ના રોજ શ્રી મુંબઈ મહાજનના અતિથીગૃહ, હોલ, અનંતસિધ્ધ સંકુલ, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (પશ્ચિમ) ખાતે એકત્ર મલશે. કાર્યવાહી જેમાં મુખ્યત્વે બંધારણ મુજબ, ૩ મેનેજીંગ ટ્રસ્ટી, ૧ સેક્રેટરી જનરલ નિમવા /ચુંટવા અને ૧૦ પ્રતિનિધીઓ મહાસમિતી માટે કો-ઓપ્ટ કરવાની બાબત હાથ ધરાશે.

## શું નાની ન્યાત હજી પણ અસ્તિત્વ ધરાવે છે?

પ્રકાશ સમીક્ષા અંક ૨૭ તા. ૪ જુલાઈ થી તા. ૧૦ જુલાઈ ૨૦૧૬ના અંકમાં પા. નં. ૦૭ ઉપર 'પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિનું વસ્તીપત્રક - ૨૦૧૬' એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા લખાણમાં 'ક.દ.ઓ. જૈન જ્ઞાતિ અને ક.દ.ઓ જૈન નાની ન્યાત જ્ઞાતિનું Combined વસ્તીપત્રક'એ શબ્દો વાંચ્યા પછી મારા પ્રત્યાઘાત આપવા હું પ્રેરાયો છું.




('નાની ન્યાત'ની ઉલ્લેખ ન હોત તો આ લેખ લખવાનો કોઈ ઉદ્દેશ્ય જ રહેતો નથી.)

પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટના સંચાલકો નાની ન્યાત હજી અલગ અસ્તિત્વ ધરાવે છે એમ માને જ છે અને એને પ્રતિપાદિત કરવા પોતાના મેગેઝિનની 'જીવનચક્ર' કોલમમાં નાની ન્યાત -N-નો ઉલ્લેખ અવશ્ય કરે છે. દરેક અંકમાં આ -N-નો ઉલ્લેખ વાંચીને મનમાં ખૂબ જ ઉદ્વેગ (દુઃખ) થાય છે.

પ્રકાશ સમીક્ષાએ બંને જ્ઞાતિઓની એકતાને સ્વીકારી લીધી હોઈ એ વાંચતી વખતે અલગતાની 'બૂ' પણ આવતી નથી. પણ પ્રકાશ સમીક્ષાએ પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટનું અલગતાવાદી લખાણ (કે જાહેરખબર?) છાપીને એના અલગતાવાદી દૃષ્ટિકોણને આડકતરો ટેકો આપી જ દીધો છે.

એકીકરણની મહાસભા વખતે એવું ઠરાવવામાં આવ્યું હતું કે હવેથી નાની ન્યાતનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું હોઈ હવે પછી એક જ્ઞાતિ (દશા જ્ઞાતિ જ) અસ્તિત્વ ધરાવે છે. એટલે નાની ન્યાતનો ઉલ્લેખ ટાળવો. તે છતાં પાંજો પ્રતિબિંબમાં નાની ન્યાતનો છેડચોક ઉલ્લેખ થાય છે.

તો શું જ્ઞાતિમાં પાંજો પ્રતિબિંબને દિશા નિર્દેશ આપી શકે એવી કોઈ સંસ્થા જ નથી? મુંબઈ મહાજન આમાં કંઈ જ ન કરી શકે? મુંબઈ મહાજન અને સમસ્ત મહાજનના અધિકારક્ષેત્રને આમાં ખુલ્લો પડકાર છે.

ખરી પરિસ્થિતિ તેમજ મંતવ્યો જાણવા માટે મેં દસ-બાર વ્યક્તિઓને (મુંબઈમાં) ફોન કર્યો. ભૂ. પૂ. નાની ન્યાતની બે વ્યક્તિઓએ આ લખાણ બાબત ભારે નારાજગી વ્યક્ત કરી. જ્ઞાતિની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતી બે


# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

ACBL Estd 1984

Head Office : GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
H.O. Tel.: 2579 9326 • Fax : 2579 9323 • E-mail : acblho@arihantbank.com

**૩૩મી વાર્ષિક સર્વસાધારણ સભાની નોટીસ (સૂચના)**

**આથી સૂચિત કરવામાં આવે છે કે**

**શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સભ્યોની ૩૩મી સર્વસાધારણ સભા શનિવાર, તા. ૨૦મી ઑગસ્ટ ૨૦૧૬ના બપોરના ૨.૩૦ વાગ્યે ધ ફાઈન આર્ટસ સોસાયટી, ફાઈન આર્ટસ ચોક, આર.સી. માર્ગ, ચેંબુર, મુંબઈ-૪૦૦ ૦૭૧ ખાતે યોજાશે.**

**સક્રિય સભ્યોને આ સભામાં ઉપસ્થિત રહેવા વિનંતિ કરવામાં આવે છે.**

સભ્યોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે ૩૩મો વાર્ષિક અહેવાલ બેંકની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી લેવો કે પછી બેંકની કોઈ પણ શાખા કે હેડ ઓફિસથી છપાયેલ અહેવાલ તા. ૧૨ ઑગસ્ટથી ક્યોરક પણ મેળવી લેવો.

**તા.ક.: સભ્યો જે ૪૦થી ઓછા શેર ધરાવતા હોય કે ખાતામાં રૂા. ૫૦૦ની લઘુત્તમ રકમ ન હોય, તેમને પેટા નિયમ (બાયલોઝ) પ્રમાણે સભામાં સહભાગી થવા નહીં મળે.**

**ખેતશી ડી. ખોના** (ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)

વ્યક્તિઓએ જણાવ્યું કે જ્યાં સુધી જ્ઞાતિ સંમેલનમાં એકીકરણના ઠરાવને બહાલી ન મળે ત્યાં સુધી એકીકરણની પ્રક્રિયા અધૂરી ગણાય. વાહ ! આ તો 'ઈદમ્ તૃતિયમ્' જેવું થયું! એકીકરણના જાહેરનામમાં આવી કોઈ શરતનો ઉલ્લેખ થયો નથી. એટલે આમાં કરારના ભંગ કે વચનભંગ જેવી પરિસ્થિતિ ઊભી થઈ કહેવાય.

એકીકરણને મંજૂરી આપતા વિવિધ ગામો, શહેરો તથા એકમોના ઠરાવોની કોઈ કિંમત જ નથી? એકીકરણ અંગેની મહાસભાને જ્ઞાતિ સંમેલનની સમકક્ષ ન ગણી શકાય? અન્યથા 'જ્ઞાતિ સંમેલનમાં બહાલી મળ્યા બાદ જ એકિકરણ અમલી બનશે એવો ઉલ્લેખ કેમ નથી.'

'મુંબઈ સમાચાર' તા. ૧૯-૧૨૦૦૪ના અંકમાં ''વિધવા પુર્નલગ્નના સમર્થનને કારણે એક તદ્દન નવી જ્ઞાતિ અસ્તિત્વમાં આવી છે.'' એ શિર્ષક હેઠળના લેખમાં મેં નીચે પ્રમાણે રજૂઆત કરી છે. ''સંવત ૧૯૦૦ (ઈ.સ. ૧૮૪૪)ના ફાગણ સુદ ત્રીજના દિવસે દશા જ્ઞાતિની કેટલીક આગેવાન (હકીકતમાં પૈસાપાત્ર) વ્યક્તિઓએ કચ્છના નલિયા ગામમાં ભેગી થઈને એક ઠરાવ પસાર કર્યો. જેમાં વિધવા પુર્નલગ્નની બંધી ફરમાવવામાં આવી.

નવાઈની વાત એ છે કે એ જ્ઞાતિમાં પત્ની મરી ગયા પછી પુરુષને ત્રણ-ત્રણ કે ચાર-ચાર વાર પરણવાની છૂટ હતી! કોઠારા ગામના મહાજન તેમ જ ત્યાંના પટેલે ઉપરોક્ત ઠરાવનો વિરોધ કર્યો અને મહાજનના પદાધિકારીઓ એ ઠરાવના વિરોધમાં સભાત્યાગ કરીને કોઠારા પાછા ફર્યા અને પોતાના વિરોધને વાચા આપવા તેમણે પાંચ વિધવાઓનાં લગ્નો ગોઠવી આપ્યાં.'' યાદ રહે કોઠારા મહાજન એ આપણી સર્વોચ્ચ અદાલત (બાવન ગામની મંજી) હતી અને ત્યાંના પટેલને મુખ્ય ન્યાયાધીશની સંજ્ઞા આપી શકાય. જ્ઞાતિ એમના હુકમને અનુસરતી. વળી એ પણ નોંધણીય છે કે ઉપરોક્ત ઠરાવના લખાણ નીચે શેઠશ્રી નરશી નાથાની સહી નથી. શેઠશ્રી આ અગાઉ સં. ૧૮૯૯ (ઈ.સ. ૧૮૪૩)માં ગુજરી ગયા હતા. ('જ્ઞાતિ શિરોમણિ' પુસ્તક વાંચી જવા વિનંતી.)

તા. ૧૯.૦૧.૨૦૦૪ ના લેખની જેમ જ ધાર્મિક વિધિઓની મનાઈ સંબંધી મારો એક લેખ 'મુંબઈ સમાચાર'માં પ્રસિદ્ધ થયો હતો. એના અનુસંધાનમાં 'ચિત્રલેખા'ના પ્રતિનિધિ શ્રી બિમલ મહેશ્વરીએ મારી સાથે વાતચીત કરીને બંને જ્ઞાતિઓના પ્રમુખ સાહેબો સાથે મુલાકાતો ગોઠવીને ચિત્રલેખામાં એ અંગેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. તે પછી એકીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો હતો, તે સહેજ.

આગામી જ્ઞાતિ સંમેલન સુધી આ પ્રશ્ન (એકીકરણ)ને લટકતો રાખવામાં કોનું હિત સચવાય છે? આશરે બસો વર્ષ પહેલાં જ્ઞાતિ સાથે ભળેલી કરાડ (મૈશેરી વગેરે) જ્ઞાતિના કિસ્સામાં જે થયું તેનું પુનરાવર્તન (ભૂ.પૂ.) નાની ન્યાતના કિસ્સામાં ન થાય તે જોવાની ફરજ જ્ઞાતિના આગેવાનોની છે. કરાડ જ્ઞાતિના એક સભ્ય સ્વ. શ્રી પ્રેમજી લધાએ દશા જ્ઞાતિ મહાજન ઉપર કેસ ઠોકી દીધેલો. જો કે પાછળ થી ન્યાયાધીશે બંને જ્ઞાતિઓ વચ્ચે સમાધાન કરાયેલું. જ્ઞાતિના ઈતિહાસમાં આ કિસ્સાનો ઉલ્લેખ છે.

ધારો કે જ્ઞાતિ સંમેલન હજી દસ વર્ષ સુશ્રી ન યોજાય તો એકીકરણની પ્રક્રિયા પૂરી ન થઈ ગણાય?

**– શામજી પદમશી છેડા**


**શ્રી નલિયા પાંજરાપોળ ગોશાળા ચેરીટેબલ ટ્રસ્ટ**

**વાર્ષિક સામાન્ય સભા**

સર્વે નલિયાવાસી તથા નલિયા ગામના વાડાના ભાઈઓ અને બહેનો..

પાંજરાપોળ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર, તા. ૦૩-૦૯-૨૦૧૬** સમય રાતના ૮.૩૦ વાગે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી રહેશે.

-: કાર્યસૂચિ :-

૧. ગત મિનિટસનું વાંચન અને બહાલી આપવી.
૨. પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ
૩. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી
૪. આવેલ પત્રોનું વાંચન
૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**ટ્રસ્ટીગણ**

**શ્રી નલિયા પાંજરાપોળ ગોશાળા ચેરીટેબલ ટ્રસ્ટ**



|| શ્રી જખ દાદાને નમઃ ||

**કચ્છ સુથરી સ્થાનકે કારાણી ફરીયામાં જખદાદા** બિરાજમાન છે. તે સ્થાનક જે પણ ભાવિક પરિવારનું હોય તે નીચે જણાવેલ નંબર ઉપર જાણ કરવા વિનંતી. જેથી કરી તે સ્થાનનું **નુતનીકરણ તથા પુનઃ પ્રતિષ્ઠા વિધીનું** કાર્ય કરી શકાય, તેમજ વિશેષ માં જખદાદાને નમતા ભાવિક પરિવારની યાદી તૈયાર કરવા નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**ચેતન ડી. લોડાયા – 098230 54121**

**સંજય ડી. લોડાયા – 098338 75121**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## ધ્વજાના વધામણા પ્રભુ અનંતનાથ ના ધામે

અલબેલા દાદા અનંતનાથની લીલા છે. અપરંપાર ૧૮૩ વર્ષથી જેમણે કર્યુ છે મસ્જિદબંદર ઉપર રાજ્ય એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડગમ વાગી રહ્યા છે. શ્રી અનંતનાથ દાદાની છાયા અચલગચ્છાધિપતિશ્રીના આશિષ વર્ષાની સાથે પ.પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પૂ.સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કૃતાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી હીરગુણાશ્રીજી મ.સા.નો શુભ સાનિધ્ય તેમજ યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.નો સંગાથ જે બનાવશે પ્રસંગને દેદિપ્યમાન.

## પંચાન્હિકા મહોત્સવ

**''મસ્જિદબંદર નગરે આનંદ છવાયા પંચાન્હિકા મહોત્સવના મંડપ બંધાયા''**

**પહેલો દિવસ :** શ્રાવણ સુદ - ૫, તા. ૦૭-૦૮-૨૦૧૬ રવિવારના અનંત ગુણના ભંડાર ભક્તોના હૃદય કમલમાં વસનાર રોમ રોમ પુલકિત બનાવનાર, જેણે સામાન્ય જિનાલય કરતા એક પ્રભાવશાળી તીર્થનું મંગલ સ્થાન સહેજ પ્રાપ્ત કરી લીધું છે. એવા તીર્થના મૂળનાયક સાક્ષાત્કાર ભવ્ય મૂર્તિધારક ''અનંતનાથ દાદા'' તેમજ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના એક અગ્રણ્ય મહાનુભવે જેમણે સુકૃતોની હારમાળા સર્જી જ્ઞાતિને એક ઉચ્ચ સ્તર પ્રાપ્ત કરાવ્યું છે. દેશ-વિદેશમાં જેમણે પોતાનું નામ સ્થાપ્યું છે, જેમની પુણ્યાઈથી લોકોના કામ સરળ થઈ જતા એવા ''જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા''ની યશોગાથા કરવા સૌ જ્ઞાતિજનો આપણા જ્ઞાતિ શિરોમણી ને યાદ કરી પાવન થઈએ.....

**સવારના ૯.૦૦ કલાકે શ્રી પારસભાઈ પંડિત અને સાથી કલાકારો સાથે**

**સાંજના ૭.૩૦ કલાકે ''શ્રી કુમારપાળ રાજાની મહાઆરતી''**

**બીજો દિવસ :** શ્રાવણ સુદ - ૬, તા. ૦૮-૦૮-૨૦૧૬ સોમવાર યુગ પ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરીજી મ.સા.નું ગુણાનુવાદ, તથા લક બાય ચાન્સ પ્રશ્નોત્તરી સવારના ૯.૩૦ કલાકે, સાંજના ૮.૩૦ કલાકે અચલગચ્છના અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માંની ભાવના...

**ત્રીજો દિવસ :** શ્રાવણ સુદ - ૭, તા. ૦૯-૦૮-૨૦૧૬ મંગળવાર સવારના ૯.૩૦ કલાકે પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા. સાંજના ૮.૩૦ કલાકે ભક્તિ ભાવના...

**ચોથો દિવસ :** શ્રાવણ સુદ - ૮, તા. ૧૦-૦૮-૨૦૧૬ બુધવાર સવારના ૯.૦૦ કલાકે ''અઢાર અભિષેક પૂજન'', સાંજના ૮.૩૦ કલાકે ભક્તિ ભાવના...

**પ્રભુ શુધ્ધિ સાથે, આત્મા દેહની શુધ્ધિ કરીએ, પ્રભુ પક્ષાલ સાથે આપણા પાપોનું પક્ષાલન કરીએ.**

**પાંચમો દિવસ :** શ્રાવણ સુદ - ૯, તા. ૧૧-૦૮-૨૦૧૬ ગુરૂવાર ''ધ્વજા આરોહણ મહોત્સવ'' એક જિનાલય નહીં પણ એક તીર્થ જ્યાં ૨૪ જિનાલય છે. સાંજના ૮.૩૦ કલાકે ભક્તિ ભાવના....

એવા અનંતનાથજી ૨૪ જિનાલય મહાતીર્થની ૧૮૩મી વર્ષગાંઠની ધ્વજારોહણ સાથે સત્તરભેદી પૂજા સવારના ૮.૦૦ કલાકે, ધ્વજા રોહણ મહોત્સવ બાદ ''નાત જમણ'' રાખવામાં આવેલ છે, સાંજના ભાવના ૮.૩૦ કલાકે.

**આપ સૌને, મહાજન, સંઘોને સંપૂર્ણ પંચાન્હિકા મહોત્સવે પધારવા નેહભર્યું નિમંત્રણ**
**નેહભર્યા નેત્રથી, અંતરના ઓવારણેથી, હૃદયના હસ્તાક્ષરથી, મનના મંદિરીએ થી હાર્દિક આમંત્રણ.....**

તા.ક.: ૩૧-૦૭-૨૦૧૬ને રવિવારના અનુષ્ઠાન દરમ્યાન કુમારપાળ રાજાની આરતી, અઢાર અભિષેક તથા ધ્વજાના ચડાવા લેવામાં આવશે.

---

|| શ્રી અનંતનાથાય નમઃ ||

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

## ખાસ સભા

- મુંબઈ મહાજનશ્રીની એક ખાસ સભા શ્રાવણ સુદ ૯ ને ગુરૂવાર, તા. ૧૧/૦૮/૨૦૧૬ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જિનાલય, મસ્જિદબંદરમાં ધ્વજારોહણ દરમ્યાન એકત્ર થશે, જેમાં નીચે મુજબ કાર્યસૂચી હાથ ધરાશે.
- શ્રી પર્યુષણ દરમ્યાન શ્રી કલ્પસૂત્ર (પોથી) ઘરે પધરાવવાના ઘૃતની ઉછામણી બોલાવી આદેશ આપવામાં આવશે. ઉત્સાહભેર લાભ લેવા વિનંતી.

એજ લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

**રમેશ લોડાયા** - માનદ્ મંત્રી      **ચેતનકુમાર મોમાયા** - માનદ્ મંત્રી

**નોંધ :** જે કોઈ ભાગ્યશાળી પરામાંથી પોથી પધરાવવાનો લાભ લેશે. તેને જાગરણ માટે મહાજનશ્રી દ્વારા મસ્જિદ બંદર ખાતે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

## કે.ડી.ઓ.જી શોભે મહિલા સંસ્થા "પરબ"
## જેંજી રજત જયંતિ તા. ૮-૧-૨૦૧૬જો ઉજવાણી
## તેન ટાણે લેખેલી હી કવિતા...

કે.ડી.ઓ. નાતજયું આગેવાન મહિલાંઉ, સેવા કરેલા થેયું સજ્જ;
૧૯૯૧જી બીજી ઓગસ્ટજો, પરબ સંસ્થાજી સ્થાપના કયાં ધજ. (૧)

ગૃહ-ઉદ્યોગ કંઈધલ મહિલાંઉ, સ્વાવલંબી ભનેને થીંયે પિંઢજે પગભર;
ઈની મહિલાંયેંજે ઉત્કર્ષલા, પ્રોત્સાહન ડે સાથ ડીંયેં દિલભર. (૨)

ગૃહ-ઉદ્યોગજી મહિલાએંકે, વેંચાણલા સ્ટોલ લગાય રખેં ઈનીજો માલ;
નાતકે વ્યાજબી ભાવેં સારી વસ્તુ મિલે, ને ખપાય ડીંયે ઈનીજો માલ. (૩)

અરસ-પરસ બીં જો કમ થીંયે, ને મહિલા ગૃહ-ઉદ્યોગ જો થીયે વિકાસ;
એંજી રીતે મહિલાએંજી પ્રગતિલા, પરબ કમ કરે રૈ આય ખાસ. (૪)

પરબ - શક્તિ જરૂરતમંદ મહિલાંયેંજે, જીવનકે કરે ચેતનવંત;
સાધન-સંપન્ન મહિલાંઉ બચત કરે, સામાન્ય મહિલાંયેલા કરીંયેં ખંત. (૫)

ફોર્ટીઝમેં ને જ્યુપીટરમેં ઘણે જેણેકે રાહત દરે ચેકઅપ ડીના કરાય;
કાંજુરમાંમેં દવાખાનું હલાઈંયેં ને બૈ વેદકીય ને મેડિકલમેં ડીંયેં સહાય. (૬)

રાહત દરેહેલ્થ ચેકઅપજો પેકેજ હલાંઈંયે, ને કરીંયે જભરો મેડિકલજો કમ;
નાત કે તંદુરસ્ત રખેલા પરબ, ચિંતિત રૈઈ વિચારે હરધમ. (૭)

રાહત દરેં મેડિકલ હેલ્થ ચેકઅપ કરેલા, જ્ઞાતિજનેકે કરીંયે સહાય;
નાતજી જરૂરતમંદ મહિલાંયેંકેં, આર્થિક સાથ ડીંયેં તાય. (૮)

ઓછી જાણકારી થકી મહિલાંઉં, અનુભવીયેં પૈ કેતરીક મુંઝવણ;
તડેં વિશેષ કાર્યક્રમ યોજીને, પરબ પાડે વિશ્વાસનીય સમજણ. (૯)

કલા સંસ્કૃતિકે પ્રોત્સાહન ડેલા, પરબ કરે હરીફાઈવારા મેળાવડા;
કલાકારેંજી કધર કરે, છાભાશી ડેનેલા ઈનામ ડે નિંઢા વડા (૧૦)

પ્રવૃત્તિયેંજો વટ-વૃક્ષ વિકસ્યો, ઉમંગ વધીને થેઈ અનંત;
રજત-જયંતિ ઉજવીને, પરબ થેઈ સમૃધ્ધ ને પ્રતિભાવંત. (૧૧)

અગ્યા વધી સુવર્ણ તેં પુજી, અમૃતજો વજાઈજા શંખ;
અમૃત પતેને હીરકતેં પૂજેલા પણ, આંકે સાથ ડીંધો અરિહંત. (૧૨)

ધન્ય ! મહિલા દ્વારા મહિલાંયેકેં, આગળ ખણી અચેજો આંજો વિચાર;
ધન્ય ! પરબજ્યું જેડલું જાુકો, હેલી-મેલી ઉભો કયોં હેળો મિઢો પરિવાર. (૧૩)

નાતજા ઘણે પ્રશ્ન ઉભા અંઈ, તેંકે પણ ડીજા સોલટાઈ;
નારી શક્તિ જો પરિચય વતાય, અનાંય કમ કરીજા સવાઈ. (૧૪)

કોઈપણ પદજી અપેક્ષા રખે વિગર, પરબજી બાઈયું કમ કરીયેં જોરધાર;
રશ્મિન ચેં ઈજ આંજી વડપ ને ખમીરાઈ, જેંશે અંઈ થ્યા નાતજા શણગાર (૧૫)

**- રશ્મિન ખોના - ફોનઃ ૨૫૧૧૭૯૩૦**

## વતન મેં મીં આયો.... !!!

આયો. આયો. આયો મીં આયો...
પાંજે વલ્લે વતન મેં મીં આયો
મોરેં જે મલકારે આયો, ઢેલેં જે ડમકારે આયો.
વડર કારા તાણેં આયો, નયેં વારે જે ટાણે આયો.
મેઘ મલારેં રાગે આયો... બીજ અષાઢી ખણંધે આયો
ગજંધે આયો વજંધે આયો...મુઠીયું વારે ઘોડંધે આયો
વિજ્રૂ કડાકે કુરછંધે આયો... ગજણ ભડાકે ભજંધો આયો
ભેઠ બધીને, ભેશીયાલ આયો..હમીરસર ઓગણાયલા આયો
ડોંય ડિસ્સ્ થી ધુબાકે આયો... છાંભ કઢીનેં, લાડો આયો
કરઘી એંકે કારેલા આયો... ડોકકાર કે કારેલા આયો
શીરો ડારે જો ખારાયલા આયો. સોણું સુગારજો વતાયેલા આયો
ચોપાચેડા ભચાયલા આયો...ખેડૂએંકે ખેડ કરાયલા આયો
ભૂજીયે કે ભેજાયલા આયો... ઘીરણોધર ઘ્રેજાયલા આયો
લખ્ખ્ જે લટકે ''લેર'' સેં આયો... મથે વારેજી મેર સેં આયો.

**- લહેરચંદ વેલજી મૈશેરી**

## અભિપ્રાય
### અનોખો રહ્યો આસામ, મેઘાલય, અરૂણાચલની મુલાકાતનો અહેવાલ

માન્યવર ખમા નાગડા, સુશીલા ધરમશી તથા અશોક દંડ દ્વારા પ્રસ્તુત અહેવાલ અનોખા રહ્યા. પાચ ફકરાના ગાગરમાં સાગર સમાવી દીધો. વણ ખેડાયેલા વિસ્તારના પ્રવાસનો અહેવાલ રસદાયક રહ્યો અને લેખન શૈલી શાળાકીય જીવનમાં વાચેંલ કાકા કાલેલકરના હિમાલય દર્શનની યાદ અપાવી ગઈ. માન્યવર ત્રિપૂટીને અભિનંદન.

**- કાંતિલાલ કેશવજી મોતા**

### કચ્છ એકમ પાંખ પસારે

કચ્છ એકમનું વર્તમાન ગઠન અતિ ધામધૂમ અને ઠાઠમાઠથી થયું જેની નોંધ ભારતભરના એકમો અને જ્ઞાતિ બંધુઓ ભાગ્યેજ લીધા વગર રહ્યા ન હોય.

હવે કચ્છી એકમના વિશ્વાસુ અને ધગશવાળા કાર્યકરોએ કામે લાગી જવું વ્યાજબી છે. કચ્છના આપણા દશાઈ ગામો સાથે સાથ સહકાર અને ખાસ કરીને સંપર્કનો સેતૂ સાધવાની આવશ્યકતા છે. તે કાર્ય પાર પાડવા કચ્છ એકમ સર્વ રીતે સક્ષમ છે. વિના વિલંબે આ હોમ કરી કામે મંડી પડ્યું જોઈએ. તે અંગે આગોતરી શુભકામના.

**- કાંતિલાલ કેશવજી મોતા**

## વિદેશ યાત્રા : અલબેલા ન્યૂ યૉર્કની અનેરી છટા – ચંદ્રિકા લોડાયા

આખી દુનિયાના જોશીલા, ચમકીલા, ઉત્સાહી અને આકર્ષક શહેરોમાંનું એક એટલે ન્યૂ યૉર્ક. સમયની કબરમાંથી ખોદીને તપાસાય એવો ઈતિહાસ કે શિલ્પ અને કલા-કારીગરીના બેનમૂન નમૂનાઓ આ શહેર પાસે નથી, પરંતુ જાણે એ બધાની કસર પૂરી પાડવા સ્ટેચ્યુ ઑફ લિબર્ટી ઍટલાન્ટિક સમુદ્રના પાણીમાં ઊભા રહી, હાથમાં મશાલ ધરીને દુનિયાભરના પ્રવાસીઓને હાકલ કરે છે.



ન્યૂ યૉર્કમાં આવનારા પ્રવાસીઓ સારી રીતે જાણે છે કે શહેરમાં જોવા અને ફરવા જેવું એટલું બધું છે કે સમય હોય એટલો ઓછો પડે ! અમે ન્યૂ યૉર્ક પહોંચ્યા ત્યારે અમને પણ એવી ધાસ્તી લાગી તેથી સમયનું વ્યવસ્થિત આયોજન કરી શહરેમાં ફરવાનું શરૂ કર્યું.

આખું શહેર મેનહટ્ટન, ક્વીન્સ, બ્રૉન્ક્સ, બ્રુકલિન અને સ્ટેટન આઈલૅન્ડ એમ પાંચ ભાગોમાં વહેંચાયેલું છે. આ પાંચમાં મેનહટ્ટન સૌથી ગીચ વસતિવાળો વિભાગ છે અને દુનિયા આખીના આર્થિક, સાંસ્કૃતિક અને ધંધાકીય પ્રવાહોનો દોરીસંચાર અહીંથી થાય છે. અમેરિકાના અર્થતંત્રનું આ પાટનગર વૉલ સ્ટ્રીટ પરથી દુનિયા પર રાજ કરે છે.

આ ભૂમિ પર વરુણદેવની એવી તો મહેર છે કે એને હડસન, ઈસ્ટ રીવર અને હાર્લેમ એમ ત્રણ નદીઓ મળી છે. મેનહટ્ટનને સ્ટ્રીટ્સ અને એવન્યુસરની જાળીમાં બાંધી લેવામાં આવ્યું છે. ઉત્તરથી દક્ષિણ જતા માર્ગ એવન્યુ અને પૂર્વથી પશ્ચિમે જતા માર્ગ સ્ટ્રીટ કહેવાય છે. પહોળા અને મોટી ફૂટપાથવાળા આ માર્ગો પર ચાલવાની શું મજા હતી !

મેનહટ્ટનની મધ્યમાં સ્થિત ટાઈમ સ્કવૅર પ્રવાસીઓ માટેનું પ્રબળ આકર્ષણ છે. દિવસ હોય કે રાત જ્યારે જુઓ ત્યારે આ વિસ્તાર વિવિધ દેશોના પર્યટકોથી ઉભરાતો હોય છે. અડખેપડખેનાં ગગનચુંબી મકાનોની વચ્ચે ઝગમગતા તોતિંગ બિલબૉર્ડ્સ અને જાહેરાતોથી ઘેરાયેલું ટાઈમ સ્કવૅર ભલભલાને વશ કરી લે છે. અમે દિવસે ત્યાં સમય ગાળ્યા પછી રાતે નિઓન લાઈટ્સની ચકાચૌંધ રોશનીમાં એને ફરી જોવા ગયાં.

અંધકારના ઓળા ઊતરતાં રોજ ન્યૂ યૉર્ક શહેર રોશનીના શણગાર સજી દુલ્હન જેવા ઠાઠ માઠથી રાત્રિની પાલખીમાં બિરાજે છે. એમ્પાયર સ્ટેટ, ક્રાઈસલર વગેરે અનેક મકાનો રાતે ખૂબ જ સુંદર લાગે છે. ટાઈમ સ્કવૅરમાં પહોંચતાં અમે જિંદગી એના રંગીન અને ખુશહાલ સ્વરૂપે ત્યાં વહી રહેલી અનુભવી. ત્યાં એકત્રિત થયેલા અસંખ્ય લોકો સમયના એ ટુકડોને ત્યાં વ્યાપી રહેલી ખુશહાલીમાં ઝબોળીને એની લિજ્જત લઈ રહ્યા હતા.

ઍમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ દુનિયાના સૌથી પ્રસિદ્ધ બિલ્ડિંગસમાંનું એક અને ન્યૂ યૉર્ક સીમાચિહ્ન છે. ૧૯૩૧માં એના ૧૦૨ માળનું બાંધકામ પૂરું થયું ત્યારે એણે દુનિયાના સૌથી ઊંચા મકાન તરીકે ડંકો વગાડી દીધો હતો. હોલિવૂડની કિંગકોંગ વગેરે ફિલ્મોએ એને વધુ પ્રસિદ્ધિ અપાવી. આ મકાન પર રાતે લાઈટ કરવામાં આવે છે જેમનો રંગ ખાસ પ્રસંગો પ્રમાણે બદલવામાં આવે છે. ન્યૂ યૉર્ક ઉપરથી પસાર તથાં પ્લેનમાંથી ઍમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ સ્પષ્ટ ઓળખી શકાય છે. આ બિલ્ડિંગ જોવા પર્યટકોની એટલી લાંબી કતાર હોય છે કે અમને સવારના દસ વાગ્યા પહેલાં પહોંચી જવાની સલાહ મળી હતી.

ઍમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ પહેલાં જેને સૌથી ઊંચા બિલ્ડિંગનો દરજ્જો મળ્યો હતો તે ક્રાઈસ્લર બિલ્ડિંગ પ્રેક્ષણીય છે. રાતે એની ટોચનો ચમકતો ભાગ બહુ સુંદર લાગે છે.

ન્યૂ યૉર્ક પબ્લિક લાઈબ્રેરી એના સ્થાપત્ય અને વિશાળતા માટે જોવા જેવી છે, એમાંય પુસ્તકપ્રેમીઓને તો પુસ્તકોનો


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એકસકલુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229





આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

અઢળક ખજાનો આંખો સામે પથરાયેલો જોતાં જલસા પડી જાય! લાઈબ્રેરીની નજીક આવેલો બ્રાયન્ટ પાર્ક ત્યાં બેસીને આજુબાજુના વાતાવરણનો તાગ લેવા માટે સારી જગ્યા છે. ખાસ કરીને ક્રાઈસલર બિલ્ડિંગ અને લાઈબ્રેરીનું અહીંથી સુંદર દર્શન મળે છે.

૧૯૦૩માં બંધાયેલું ગ્રાન્ડ ટર્મિનલ સ્ટેશન આમ તો એક રેલ્વે સ્ટેશન છે, પરંતુ એનું મકાન બહારથી જેવું ભવ્ય લાગે છે તેવું જ અંદરથી એના સ્થાપત્ય અને ઝુમ્મરોને લીધે દીપે છે. ૪૪ પ્લેટફૉર્મ ધરાવતા આ વિશાળ સ્ટેશનમાં ૬૮ દુકાનો અને ૩૩ નાનાં મોટાં રૅસ્ટોરાં છે. વરસમાં બે કરોડથી વધુ પર્યટકો એની મુલાકાત લે છે. તેથી સૌથી વધુ મુલાકાતીઓને આકર્ષતા દુનિયાના આકર્ષણોમાં આ રેલ્વે સ્ટેશનનો સમાવેશ થાય છે. રેલ્વે સ્ટેશનની બહાર જ બારના શોખીનોને આકર્ષે એવું દમામવાળું બાર છે.

વર્લ્ડ ટ્રેડ સેન્ટર નામશેષ થઈ ગયું એ જગ્યા હવે ગ્રાઉન્ડ ઝીરો તરીકે ઓળખાય છે. ત્યાં જતાં ૯/૧૧ના બનેલા હૃદયવિદારક બનાવની ઘટના આંખો સામે તાજી થઈ. ત્યારે બંધુ ઘટી ગયા પછી ટીવી પર જોતાં સ્તબ્ધ થઈ જવાયું હતું અને અત્યારે મૃત્યુના ખોળામાં પોઢી ગયેલા પાંચ હજારથી વધુ લોકોની યાદી - જેમાં એક સ્ત્રીના નામ સાથે લખેલું હતું '... ઍન્ડ અનબૉર્ન ચાઈલ્ડ' - વાંચતા કંપારી છૂટી. બહુ જ નાનું એવું ૯/૧૧ મેમોરિયલ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે જેમાં તે દિવસની ઝીણી વિગતોની માહિતી મળી.

લિંકન સેંટર ફોર ધ પરફોર્મિંગ આર્ટ્સનું કોમ્પ્લેક્ષ ઑપેરા, બેલે કે સંગીતના કાર્યક્રમો માણવા માટેનું મનોહર સ્થળ છે. જો ઑપરોમાં રસ હોય તો મેટ્રોપોલિટન ઑપેરા દુનિયાના સૌથી સુંદર ઑપેરા હાઉસિસમાંનું એક છે. ઑપેરા કે અન્ય કાર્યક્રમોમાં ન જવું હોય તો પણ ઢળતી સાંજે ઉડતા ફુવારા પાસે કે લિંકન સેંટરમાં આવેલાં રૅસ્ટોરાંમાં બેસીને લોકોની ચહેલપહેલ નિહાળતા ન્યૂ યૉર્કને માણવાનું આ આદર્શ સ્થળ છે. બ્રૉડ વે પર મ્યુઝિકલ જોયા વિના ન્યૂ યૉર્કનો ફેરો ફોગટ તો નહીં પણ અધૂરો જરૂર લાગે. ટાઈમ સ્ક્વેરમાં ટિકિટ બૂથ છે જે બપોરે ખૂલે છે અને ન વેચાયેલી ટિકિટો ૨૦ થી ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં વેચે છે. અહીં આવતા બધા પ્રવાસીઓના મનમાં એકાદ મ્યુઝિકલ જોવાની હોંશ હોય છે તેથી સસ્તી મળતી ટિકિટો માટે લાંબી લાઈન હતી. એમ હિંમત હાર્યા વિના ઊભાં રહ્યાં અને મામા મિયાંની ટિકિટો મળી ગઈ ત્યારે નસીબ ચડિયાતાં લાગ્યાં !

એક દિવસ મેનહટ્ટનથી મેટ્રોમાં બેસીને અમે ક્વીન્સમાં આવેલા જેક્સનહાઈટમાં ગયાં અને જાણે ભારતમાં આવી ગયાં હોઈએ એવું લાગ્યું. ભારતીય માલ-સામાન વેચતી દુકાનો, ભારતીય રૅસ્ટોરાંને થોડે ઘણે અંશે ભારત જેવાં જ અવ્યવસ્થા અને ગંદકી ! ક્વીન્સમાં માત્ર ભારતીય નહીં, અનેક દેશોના લોકો વસે છે અને બધા જ દેશોના ખાદ્યપદાર્થો મળે છે. અમે ત્યાં ચાટ, સમોસા વગેરે ઘરાઈને ઝાપટ્યાં.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ગૌરવ



**શ્રી દિપક ભવાનજી લોડાયા**

કચ્છ સાંયરા - હાલ ડોંબિવલી

(મે. રામાપીર ડેવલપર્સ)

**શ્રી દિપક ભવાનજી લોડાયા**ને ભારતીય જનતા પાર્ટીના કલ્યાણ વ્યાપારી અસોસિએશનના **ઉપાધ્યક્ષ** પદે નિયુક્ત થવા બદલ **ખૂબ ખૂબ અભિનંદન.**

સદાય શાસન તેમજ સમાજ માટે સારા કાર્ય કરતા રહો એજ અભ્યર્થના.

**❖ શુભેચ્છક ❖**

**હિરાલાલ હંસરાજ ડાઘા** (વરાડીયા - માટુંગા)

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

**સામાન્ય સભ્યપદ**

ઉપરોક્ત સંસ્થાના બંધારણ અનુસાર અષાઢ વદ ૩૦ મંગળવાર, તા. ૨-૮-૨૦૧૬ સુધી જે વ્યક્તિ સામાન્ય સભ્ય તરીકે નોંધાયા હશે તેમને જ સંસ્થાની સંવત ૨૦૭૩થી ૨૦૭૫ સુધીના ત્રણ વર્ષ માટે થનાર ચૂંટણીમાં ઉમેદવારી તેમજ મતદાન કરવાનો અધિકાર રહેશે. સામાન્ય સભ્ય થવા માટે વ્યવસ્થાપક સમિતિએ માન્ય રાખેલ ફૉર્મમાં અરજી કરવાની રહેશે. (ફૉર્મની કિંમત રૂા. ૨/-)

વ્યવસ્થાપક સમિતિની સભામાં તે અરજી મંજૂર થયેથી તે વ્યક્તિ સંસ્થાની સામાન્ય સભ્ય થઈ શકશે. નવા સભ્યે અરજી સાથે સંવત ૨૦૭૨ થી ૨૦૭૫ (કુલ ૪ વર્ષના) રૂા. ૪૪/- લવાજમ રૂપે ભરવાના રહેશે.

**❖ ઠેકાણું ❖**

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ- ૪૦૦ ૦૦૯.

ફોન : 022-2372 9304 / 98703 46886

**સમય :** ૧૨ થી ૫ કલાકે

**લિ. માનદ્ મંત્રીઓ**

ન્યૂ યૉર્ક સ્ફૂર્તિલું શહેર છે. લોકો ચાલતા નહીં પણ જાણે દોડતા હોય. પ્રજા તંદુરસ્તી માટે એટલી જાગૃત છે કે હડસન નદીના કિનારે કે સેન્ટ્રલ પાર્ક બધે જોગિંગ કરતા લોકો જોવા મળે. સેંટ્રલ પાર્ક મેનહટ્ટનની મધ્યમાં ૮૪૨ એકર જગ્યાને હરિયાળીથી ભરી દઈને લહેરાઈ રહ્યો છે. વસંત સમયે આ પાર્ક તેના ચેરી બ્લોસમ, મેગ્નોલિઆ વગેરે ફૂલોથી લદાયેલાં વૃક્ષોને કારણે બેહદ સૌંદર્યમય લાગે છે. યોગ, નૃત્ય, સંગીત જેવી અનેક પ્રવૃત્તિઓ અહીં નિયમિત થાય છે. સેંટ્રલ પાર્ક ન્યૂ યૉર્કવાસીઓને આરામ, શાતા અને ઊર્જા પૂરા પાડે છે તેથી સારા હવામાનવાળો રજાનો દિવસ ઘણા લોકો અહીં વિતાવવાનું પસંદ કરે છે.

પ્રવૃત્તિઓથી ધમધમતા આ શહેરમાં એટલું બધું નવું કરવાનું અને જોવાનું છે કે કંટાળો આવવાનો સવાલ જ પેદા થતો નથી.

- અહીં ટિપ આપવાનું જોરદાર ચલણ છે. રૅસ્ટોરાં, ટેક્સી ડ્રાઈવર કે ટૂર ગાઈડને ટિપ આપવી ફરજિયાત જ સમજવી અને એમાં કરકસર ન કરવી. અઢારથી વીસ ટકા ટિપ આપવી જરૂરી છે !
- સસ્તાં, મોંઘાં, દેશ વિદેશનું ભોજન પિરસતાં એટલા બધાં રૅસ્ટોરાં છે કે વેજિટેરિયન ખાવાનું ડગલે ને પગલે મળે છે. મેનહટ્ટનમાં લેક્સિંગ્ટ સ્ટ્રીટ પર ઘણાં ઈન્ડિયન રૅસ્ટોરાં છે.
- રહેવા માટે ન્યૂ યૉર્ક મોંઘું શહેર છે. ઓછી સગવડથી ચલાવી લેવું હોય તો યુથ હૉસ્ટેલનો વિકલ્પ છે.

– જન્મભૂમિમાંથી સાભાર

## નવનિર્મિત શ્રી ગુણોદયપુરમ્ મધ્યે અચલગચ્છાધિપતિશ્રીનો ચાતુર્માસ પ્રવેશ



અખંડ ૫૦ માં વર્ષીતપારાધક, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. આદિમુનિ ભગવંતોએ નવનિર્મિત શ્રી ગુણોદયપુરમ્ આંગણે ચાતુર્માસ પ્રવેશ કરતાં પાલિતાણા તીર્થે શાનદાર સામૈયું કરાયું હતું.

શેઠ શ્રી કેશવજી નાયક ધર્મશાળા, શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા અને કચ્છી ભવનનાં જિનાલયોમાં દર્શન-વંદન સાથે સ્વાગત યાત્રાનો પ્રારંભ થયો હતો. જય તળેટીનાં દર્શન કરી પૂજ્યશ્રીઓએ નવનિર્મિત ગુણોદયપુરમનાં ઉપાશ્રયે પ્રવેશ કર્યો હતો. મુખ્ય મંડપે પહોંચી પૂજ્યશ્રીએ સ્વમુખે માંગલિક શ્રવણ કરાવ્યું હતું.

ગુરૂપૂજનનાં ચડાવવાનો લાભ લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પુનડી-કચ્છ તથા પુષ્પાબેન વિનોદ દેવરાજ ગંગર ગોધરા-કચ્છ વાલાએ, સૂત્ર-ચરિત્ર વહોરાવવાનો લાભ લક્ષ્મીબેન બાબુલાલ જસ્મીન પરિવાર કાંડાગરા-કચ્છ તથા કામળી વહોરાવવાનો લાભ વાસંતિબેન નરેન્દ્ર મુરજી શાહ-ચાંગડાઈ-કચ્છ વાલાએ લીધો હતો. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.એ ચાતુર્માસનું મહત્વ સમજાવ્યું હતું. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ ''ગુણોદયપૂરમ્''નાં નિર્માણ કાર્ય માટે શ્રેષ્ઠીઓનાં અનુદાનની અનુમોદના કરી વિશેષ પ્રમાણમાં થઈ રહેલ તપારાધનાંઓ અને તેમાં જોડાયેલા તપારાધકોનાં તપની અનુમોદના કરી હતી.

અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘનાં પ્રમુખ શામજીભાઈ દંડ, વિનોદભાઈ ગંગર, વિશનજીભાઈ મારૂ, કલ્પેશભાઈ મોતા, મહેન્દ્રભાઈ પાસડ, ટોકરશીભાઈ, વિક્રમ લાલકા, ચિંતન વોરા, મહેન્દ્રભાઈ ડી. શાહ-ભુજ, નરેશભાઈ શાહ-માંડવી, જયેશ જૈન, પ્રવિણ લોડાયા તથા ભારતવર્ષમાંથી ગુરૂભક્તો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## આરોગ્ય પ્રકાશ : 'પ્રાણવાયુ'

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

હવામાં બીજા વાયુઓ સાથે ઓક્સિજન પણ હોય છે જે આપણા જીવન માટે ખૂબ જ જરૂરી છે માટે જ એને પ્રાણવાયુ પણ કહે છે. પ્રાણવાયુ ન હોય તો આપણે થોડી વારમાં જ મૃત્યુ પામીએ. દિવસે ને દિવસે શહેરોમાં હવામાં ઑક્સિજનની માત્રા ઘટી રહી છે અને ભવિષ્યમાં પણ હજી વધુ ઘટશે.

શહેરોમાં વસ્તી વધારો, વાહન વપરાશ વધારો એટલે વાહનોના ધુમાડાએ લીધે હવામાં કાર્બન ડાયોક્સાઈડ વધ્યો અને ઑક્સિજન ઘટ્યો. મકાનના બાંધકામ વધ્યાં એટલે હવામાં એસબેસટોઝ અને બીજી અશુદ્ધિઓ વધી. હવે ભીડ વધુ થાય છે એટલે અસલી જંગલો ઘટ્યા અને સિમેંટ ક્રોકીટના જંગલો વધ્યા. ઝાડ દિવસમાં ઑક્સિજન બહાર કાઢે છે પણ ઝાડની સંખ્યા ઘટી તેથી ઑક્સિજનનું પ્રમાણ વાતાવરણમાંથી ઘટ્યું. કારખાના વધ્યા, ફેક્ટરીઓ વધી, બોમ ધડાકા વધ્યા અને લડાઈમાં દારૂગોળા, એટમબોમ્બના વપરાશ વધ્યા એટલે વાતાવરણમાં બીજી અશુદ્ધિઓ વધી, કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધ્યું. ઝેરી વાયુ અને કેમીકલ્સ હવામાં વધ્યા અને પ્રાણવાયુનું પ્રમાણ ઘટ્યું.

સામાન્ય વાતાવરણમાં પ્રાણવાયુ ૨૧% હોય છે તે તંદુરસ્ત માનવી માટે પૂરતું છે પણ મોટા શહેરોમાં એનું પ્રમાણ ઘટ્યું છે જે આરોગ્ય માટે નુકસાનકર્તા છે. આપણે જે હવા શ્વાસમાં લઈએ છીએ તેમાંના પ્રાણવાયુંનો ભાગ ૫ % ઉપયોગ કરીએ છીએ. ઑક્સિજન આપણી ઉર્જા (શક્તિ)નો પ્રાથમિક સ્રોત છે. આપણી ઉર્જાના ૯૦% ઑક્સિજનમાંથી આપણે મેળવીએ છીએ અને બાકીના ૧૦% ખોરાક અને પાણીમાંથી આવે છે. ઑક્સિજનની સાથે પ્રક્રિયા કરીને આપણું શરીર ખોરાકની ચયાપચયની પ્રક્રિયા વધારે કાર્યક્ષમ રીતે કરે છે. કાર્બોહાઈડ્રેટસ્, શર્કરા, ચરબી અને પ્રોટીનનું ઑક્સિકરણની પ્રક્રિયામાં દહન થાય છે અને શરીરમાં ઉર્જા ઉત્પન્ન થાય છે.

ગામડામાં પૂરતા પ્રમાણમાં ઑક્સિજનવાળી શુદ્ધ હવા મળે છે. શહેરોમાં રહેતા બધા પોત-પોતાના કારણોને લીધે કાંઈ ગામડામાં રહેવા જઈ શકતા નથી. તેથી શહેરના જ વાતાવરણ વિશે વિચારીએ. શહેરના વાતાવરણમાં ઑક્સિજન ઓછું હોવાથી શહેરમાં રહેનાર, ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો, અશક્ત લોકોને આરોગ્યની સમસ્યા ઊભી થાય છે. શહેરમાં પણ ખાસ કરીને ભીડભાડ હોય, ટ્રાફિક ખૂબ હોય, વાહન વ્યવહાર વધુ હોય. ધુમાડા કાઢતા કારખાના હોય – એવા વિસ્તારમાં વાતાવરણમાં ઑક્સિજન ઓછું હોય જે આરોગ્ય માટે નુકસાનકર્તા છે તેથી આવા વાતાવરણથી દૂર રહેવું. આવા વાતાવરણમાં જવું જ પડે તો મોઢાપર માસ્ક પહેરીને જવું. ટુ વ્હીલર પર જતી વખતે આ વાતનો ખાસ ખ્યાલ રાખવો. આવી હવા શ્વાસમાં લેવાથી કેન્સરનું જોખમ હોય છે તેમજ બીજી આરોગ્યની તકલીફો થાય છે. બાળકો, વૃદ્ધો અને અશક્તોને આવા વાતાવરણથી ખાસ દૂર રાખવા. શક્ય હોય તો રહેઠાણ પણ આવા સ્થાને હોય તો આરોગ્ય માટે બદલવું.

માનવ શરીરને આપણે ફેક્ટરી ગણીએ (લીવર પોતેજ એક મોટી ફેક્ટરી છે તેમાં ઘણા કાર્ય થાય છે, કીડની લોહીના શુધ્ધીકરણનું અદ્‌ભુત કામ કરે છે. મગજના કાર્યને હજી વૈજ્ઞાનિકો પૂરુ સમજી જ નથી શક્યા.) તો ઑક્સિજન મુખ્ય કાચો માલ છે. શુધ્ધ (કોન્સસ્ટ્રેટે - ઘટ્ટ) ઑક્સિજન લેવાથી ઘણા ફાયદા થાય છે. યાદશક્તિ સુધરે. રોગ પ્રતિરક્ષા તંત્ર સુધરે, નિદ્રાની અનિયમિતતા, હતાશા દૂર થાય. માથાનો દુખાવો દૂર થાય, સારું રક્તાભિસરણ થાય. કેલેરી મેળવવા, ખોરાકના પાચનમાં સુધારણા થાય. આમ શુધ્ધ ઑક્સિજન લેવાથી ઘણા ફાયદા થાય. મુંબઈ, હૈદ્રાબાદ અને દિલ્લીમાં કેટલાક ઑક્સિજન-બાર બન્યા છે. દિવસે ને દિવસે શહેરોમાં વસ્તી વધારો, વાહનોનો વધારો, સિમેન્ટ કોંક્રીટના વધતા જંગલોને કારણે પ્રદુષણ વધવાનું, ઓક્સિજન હવામાં ઘટવાનો અને એને લીધે તકલીફો, બીમારીઓ વધવાની છે.

શહેરની આ પરિસ્થિતિથી બચવા માટે – પૌષ્ટીક ખોરાક ખાઈએ, શરીરની પ્રતિકાર શક્તિ વધારીએ, કપાલભાંતિ, પ્રાણાયામ, ૐકારનાદ નિયમિત કરીએ. આપણને ગમતી – ફાવતી કસરત ૩૦ થી ૪૦ મિનિટ નિયમિત કરવાથી આપણા શરીરને વધુ પ્રમાણમાં ઑક્સિજન મળે છે. દિવસના વનસ્પતિ ઑક્સિજન છોડે છે તેથી દિવસ દરમ્યાન બગીચા, વનસ્પતિ, ઝાડ વધુ હોય તેવી જગ્યાએ રોજ જઈએ. અમુક જણા રાતના બગીચામાં જાય છે પણ રાત્રે વનસ્પતિ કાર્બન ડાયોક્સાઈડ છોડે છે એટલે આરોગ્ય માટે નુકસાનકારક છે. વધુ ઝાડ વાવીએ. તુલસી, પીપળા જેવા વૃક્ષો અને ઓકનું વૃક્ષ તો રાત્રે પણ ઑક્સિજન આપે છે – એવા વૃક્ષો વધુ વાવીએ.

આપણા સંપૂર્ણ શરીરના વજનનું ફક્ત ૨% વજનનું મગજ આપણી લોહીમાંના ૨૦% ઑક્સિજન વાપરી નાખે છે. આપણને ઑક્સિજન વધુ મળે એવા બધા ઉપાય કરી મગજને અને શરીરને કાર્યક્ષમ રાખીએ. વાહન, વસ્તી વધારાને લીધે હવે નાના શહેરો અને ગામડાઓમાં પણ ઑક્સિજનની જરૂરિયાત દિવસે ને દિવસે વધવાની અને એટલે જ વૈજ્ઞાનીકો તેમજ આપણે સૌ જાગૃત થવાની જરૂર છે. આપણે સૌ યોગ્ય ઉપાયો કરી, ઑક્સિજન વધુ મેળવીએ અને આરોગ્ય જાળવીએ.

## પ્રેમપૂર્ણ બનાવે તે ખરું અધ્યાત્મ :
## સ્ત્રીઓની વધુ પડતી ધાર્મિક જડતા સમસ્યા સર્જે છે.

વર્ષો પછી સુનીલભાઈ સીમાને મળતા હતા. તેમનામાં જે પરિવર્તન આવી ગયું તે જોઈ સીમા નવાઈ પામી ગઈ. જે સુનીલભાઈને તે ઓળખતી હતી તે તો હતા એક દિલદાર, આનંદી, મહેનતુ અને ખુશખુશાલ માણસ. અને આ સુનીલભાઈ ? ચહેરા પર તાણ અને સભ્યતાને નેવે મૂકીને જ્યાંત્યાં ભટકતી આંખો.

થોડા દિવસ પછી અચાનક તેની મુલાકાત સુનીલભાઈના પત્ની મીનાબહેન સાથે થઈ ગઈ. ખૂબ ઉતાવળમાં હતાં મીનાબહેન. 'સીમા, ક્યારેક ઘેર આવજે, હં, અત્યારે તો મારે શિવરામજી સ્વામીના પ્રવચનમાં જવું છે.'

'તમે તો કદી ધાર્મિક પ્રવચનોમાં જતાં નહીં.'

'નહોતી જતી એ વાતને તો વર્ષો થઈ ગયાં. હવે તો હું દરેક સાધુપુરુષનાં પ્રવચન સાંભળું છું. સવારસાંજ મંદિરે જાઉં છું. ઘરમાં પણ ધ્યાન, પૂજાપાઠ, વ્રતઉપવાસ બધું ચાલુ જ.'

'ને સુનીલભાઈ ?'

'તારા સુનીલભાઈ તો એવા ને એવા જ છે. એ જ ખડખડાટ હસવું, ખાવુંપીવું, વાતેવાતે વળગવું. મંદિર, ભગવાન, અધ્યાત્મ સાથે કોઈ લેવાદેવા નહિં, પણ મારે તો મારા આત્માનું કલ્યાણ જોવાનું કે નહીં ? પચાસ વર્ષ સંસારમાં ખરડાઈને કાઢ્યાં. હવે બસ.'

'પણ સુનીલભાઈ....'

'શું સુનીલભાઈ સુનીલભાઈ કર્યા કરે છે ? એ તો માનતા જ ન હતા, પણ મેં પરાણે તેમને સંયમની દીક્ષા લેવડાવી.'

'શું?'

'ક્યાં સુધી ભોગ ભોગવવાના ? ચાલ, મને મોડું થાય છે. ઘેર આવજે ક્યારેક, તને સ્વામીજીની વિડિયોસીડી બતાવીશ. તું પણ નીકળ સંસારના મોહમાંથી, શું?'

સીમા અવાક્ થઈને જોતી જ રહી. મીનાબહેનનું શરીર ફૂલી ગયું હતું. લુખ્ખા કાબરચીતરા ગમેતેમ બાંધેલા વાળ હવામાં ઊડતા હતા. સાડી કીમતી હતી, પણ નિસ્તેજ રંગોવાળી હતી. શુષ્ક ચહેરા પરના આંખો અજાણી ઉત્તેજનાથી ચમકતી હતી. તેને યાદ આવ્યાં પહેલાનાં મીનાબહેન. સુડોળ શરીર ને સુરુચિપૂર્ણ સજાવટ. સૌમ્ય ચહેરા પર મીઠું સ્મિત. સુનીલભાઈ તેમની આગળપાછળ ફરતા રહેતા.

આ કેવો ત્યાગ હતો ? ને પતિ સાથેનો પ્રેમસંબંધ શું ભોગ હતો ? જેને જીવનમાં, જીવનના આનંદમાં તંદુરસ્ત રસ છે તેવા પુરુષને અધ્યાત્મનાં નામે પત્નીથી જબરજસ્તી દૂર રહેવાનું ?




ખરું અધ્યાત્મ સાધકને નમ્ર, કરુણામય અને પ્રેમાળ બનાવે. આપખુદ અને અંહકારી નહીં. સાચી આધ્યાત્મિક સાધના માણસને વધારે જીવંત, વધારે નિષ્ઠાવાન અને વધારે જવાબદાર બનાવે; નિર્માલ્ય, નિરસ કે પલાયનવાદી નહીં. આજે જીવન જટિલ થઈ ગયું છે અને અકળાયેલા લોકોને ઈન્સ્ટન્ટ આરામ આપવા અધ્યાત્મની સેકડો દુકાનો ખૂલી ગઈ છે ત્યારે શી રીતે ખબર પડે કે આપણે આધ્યાત્મિકતાનો જે રસ્તો પકડ્યો છે તે સાચો છે ? શી રીતે સુનિશ્ચિત કરી શકાય કે આપણ જે યોગસાધના કરીએ છીએ તે કલ્યાણકારી છે ? શી રીતે સ્પિરિચ્યુઅલ જન્કી બનતાં અટકી શકાય ?

આ રહી અનુભવી, વિચારવાન અને પરિપક્વ લોકોએ તૈયાર કરેલી પશ્નાવલિ. સવાલ સાદા છે, જવાબ પ્રામાણિકપણે આપવાના છે.

૧) શું તમે આર્થિક-પારિવારિક-સામાજિક જવાબદારીઓ પાર પાડવાનો બદલે આખો દિવસ ખુદના આધ્યાત્મિક વિકાસ અંગે જ વિચારતા રહો છો ?

૨) તમને એવું લાગ્યા કરે છે કે સમાજ તમને સમજી શકતો નથી અને તમારી સાથે કઠોરતાથી વર્તે છે ?

૩) તમને એમ લાગે છે કે આ શરીર મિથ્યા છે ? તમે સ્વચ્છતાની, તંદુરસ્તીની, કસરતની ઉપેક્ષા કરો ?

૪) તમે કાયમ કલ્પના અને વિચારોની દુનિયામાં જ વિહરો છો ? પરિવાર, સમાજ અને દેશદુનિયાની વાસ્તવિકતા તમે સ્વીકારી શકતા નથી ? તેનાથી ભાગ્યા કરો છો ?

૫) તમે સાવ એકલપેટાને અંતર્મુખ થઈ ગયા છો ? રોજ સાત-આઠ કલાક મેડિટેશન-યોગ જપ વગેરેમાં ગાળો છે ?

આ પાંચ સવાલમાંથી ત્રણ તેથી વધારે પ્રશ્નોના જવાબ 'હા' હોય તો સમજી લેજો કે તમે ડેન્જર ઝોનમાં ઊભા છો. તમારે એ સ્વીકારી લેવું રહ્યું કે જેને તમે આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કહો છો તેમાં ક્યાંક કશુંક ખોટું થઈ રહ્યું છે. જેને સ્પિરિચ્યુઅલ એક્ટિવિટીઝ કહેતાં તમારું મોઢું ભરાઈ જાય છે તેનાથી તમારું કલ્યાણ ઓછું ને નુકસાન વધારે થઈ રહ્યું છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

જો સંસારત્યાગ કરવાની યોજના હોય તો વાત જુદી છે, પણ આવું કોઈ પ્લાનિંગ ન હોય તો સતર્ક બની જજો. સમજી લેજો કે તમારો સ્પિરિચ્યુઅલ ઝોન એક પરપોટાથી વધારે કશું નથી અને તે પરપોટો ગમે ત્યારે ફૂટી જવાનો છે.

સ્વજનો-શુભેચ્છકોનું સાંભળજો, જાણકાર-જેન્યુઇન માણસોની સલાહ લેજો, જીવનસાથી સંતાનોની લાગણીઓ પર ધ્યાન આપજો અને વહેલી તકે એ પરપોટામાંથી બહાર, ખુલ્લી હવામાં આવી જજો. જિંદગી, વર્તમાન અને સરી જતા સમય પર કાબૂ મેળવજો. તમારા સંસારમાં તમારી ભૂમિકા સમજજો અને કામે ચડી જજો.

અધ્યાત્મ પર સાવ ચોકડી મૂકી દેવાની જરૂર નથી, પણ તેનું પ્રમાણભાન જાળવજો અને દરેક અનુભવમાંથી શીખતા જજો અને કૉફી મેડિટેશનથી વધારે મજા મિત્રો સાથે કૉફીના ઘૂંટ ભરતાં લહેરથી ટોળટપ્પા મારવામાં આવશે.

**– સોનલ પરીખ**, જન્મભૂમિમાંથી સાભાર


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ** આયોજિત

**સમુહ લગ્ન ૨૦૧૬**

કચ્છમાં તા. ૧૧.૧૨.૨૦૧૬ ના સમુહ લગ્નમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓએ ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

**: સંપર્ક :**

પ્રબોધ મુનવર (ભુજ) 09925169876
ગોવિંદજી પટેલ 09820540949
કુસુમ લાલકા 09323961617
કિરણ દંડ 09833808244
ગુલાબ દંડ (અમદાવાદ) 09824097078
શાંતિલાલ લોડાયા (વડોદરા) 09824012971
અરવિંદ લોડાયા (ગાંધીધામ) 09825634649
ચંદ્રેશ છેડા (રાયપુર) 09425213540
લક્ષ્મીચંદ દંડ (ખંડવા) 09977550110
વિરેન્દ્ર લોડાયા 09821073830

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ વતી કિરણ દંડ, પ્રબોધ મુનવર**


## વરાડીયામાં બિરાજમાન શ્રી મોમાઈમાંના નવા ભુવા નિમાયા

વરાડીયા સ્થાનકે બિરાજમાન મોમાઈ માઁના ભુવા સ્થાપીત કરવાનો કાર્યક્રમ પુ. ભુવાશ્રી કુંવરજીભાઈ હરશી લોડાયા તથા શ્રી દિનેશભાઈ વિશનજી દંડના માર્ગદર્શન હેઠળ તા. ૧૫/૪/૨૦૧૬ થી તા. ૧૭/૦૪/૨૦૧૬ દરમીયાન વરાડીયા મુક્કામે ઉજવવામાં આવ્યો. શ્રી લલીતભાઈ ધનજી મોમાયા ભુવા તરીકે સ્થાપીત થયા છે.

આ શુભ કાર્ય માટે મુંબઈ, દેશદેશાવર તથા સ્થાનિકો મળીને સો જેટલા ભાવિકોની હાજરી રહી. માતાજીનાં કાર્યક્રમ માટેનાં ફંડમાં ભાવિકોએ ઉદારભાવે પોતાનું યોગદાન આપ્યું. જીવદયા ફંડમાં રૂા. ૪૩૧૦૦/- નો ફાળો થયો. ભાવિકોએ જતી વખતે ભદ્રેશ્વર તીર્થનાં દર્શન વંદન તથા વળતી વખતે શ્રી મોમાઈ મોરામાં મોમાઈ માતાના દર્શનનો લાભ લીધો.

## વરાડીયા ખાતે બિરાજમાન શ્રી મોમાઈ માતાજીના ભુવા સ્થાપિત કરવાને ત્રિદિવસીય કાર્યક્રમ

**તા. ૧૩-૪-૨૦૧૬ થી તા. ૧૮-૪-૨૦૧૬ દરમીયાન દાતાશ્રીઓએ આપેલ દૈનીક ખર્ચ માટેના યોગદાનની વિગત.**

| | | |
|---|---|---|
| તા. ૧૩-૪-૨૦૧૬ | આઈસક્રીમ, કેસર મસાલા દુધ | મોમાયા પરિવાર |
| તા. ૧૪-૪-૨૦૧૬ | ટ્રેનમાં નવકારશી | શ્રી જય કીર્તીકુમાર દામજી મોમાયા, અમદાવાદ |
| તા. ૧૪-૪-૨૦૧૬ | ભદ્રેશ્વર બપારેનું જમણ | માતુશ્રી મણીબેન ઉમરશી મોમાયા હસ્તે વિજયભાઈ |
| તા. ૧૪-૪-૨૦૧૬ | બપોરની ચા-કૉફી | નિર્મલાબેન મુકેશ મોમાયા, લોનાવાલા |
| તા. ૧૪-૪-૨૦૧૬ | વરાડીયા મુક્કામે ચૌવિહાર | નિર્મલાબેન મુકેશ મોમાયા, લોનાવાલા |
| તા. ૧૫-૪-૨૦૧૬ | સંપુર્ણ દિવસની સ્વામી ભક્તિ | શ્રી કુંવરજી આણંદજી મોમાયા પરિવાર |
| તા. ૧૬-૪-૨૦૧૬ | સંપુર્ણ દિવસની સ્વામી ભક્તિ | મધુરીબેન મણીલાલ મોમાયા, સુથરી |
| તા. ૧૭-૪-૨૦૧૬ | સંપુર્ણ દિવસની સ્વામી ભક્તિ | માતુશ્રી મીઠીબાઈ ધનજી મોમાયા, હસ્તે પદમભાઈ તથા લલીતભાઈ |
| તા. ૧૮-૪-૨૦૧૬ | સવારનો ચા નાસ્તો નવકારશી | શ્રી દિવ્ય નીતીન નાગડા અને લીનાબેન મધુકાંત મોમાયા |
| તા. ૧૮-૪-૨૦૧૬ | બપોરનું જમણ | શ્રી ધનજી નરશી મોમાયા હસ્તે કિરીટભાઈ |
| તા. ૧૮-૪-૨૦૧૬ | બપોરની ચા-કૉફી-નાસ્તો | માતુશ્રી લક્ષ્મીબેન કુમારપાલ મોમાયા |
| તા. ૧૮-૪-૨૦૧૬ | ચૌવિહાર | શ્રી પૃથ્વીરાજ નારણજી મોમાયા |

માં શ્રી મોમાઈ માઁની અસીમ કૃપા દૃષ્ટિ અને વાત્સલ્ય સમગ્ર વરાડીયા મોમાયા પરિવાર ઉપર સતત વરસતી રહે અને નવ સ્થાપીત ભુવા શ્રી લલીતભાઈનાં માધ્યમ થી સમગ્ર મોમાયા પરિવારનો માઁ મોમાઈ સાથે નો સેતુ અજરામર બની રહે એજ અભ્યર્થના સાથે તેમજ ફરી એકવાર ભુવા શ્રી કુંવરજીભાઈ તથા શ્રી દિનેશભાઈના ખુબ ખુબ આભાર સાથે.

લી. **શ્રી મોમાયા પરિવાર, વરાડીયા** - 098197 53161 / 093201 51550

# ગુજરાતી રસોઈનો સ્વાદિષ્ટ ઈતિહાસ

ગુજરાતીઓ સ્વાદપ્રિય પ્રજા છે. શાકાહારી વાનગીઓનું જે વૈવિધ્ય અહીં, તેવું બીજે ક્યાંય નથી. બારમી સદીમાં મહારાજા કુમારપાળે ગુજરાતમાં માંસાહાર તથા શરાબ પર પ્રતિબંધ લગાવ્યો તે પહેલાં સમાજના અમુક વર્ગમાં માંસાહાર વ્યાપક હતો. ઉચ્ચ વર્ગ તથા રાજકુલોની મહિલાઓમાં મદ્યપાન સામાન્ય હતું. પંદરમી-સોળમી સદીમાં લખાયેલા ગ્રંથો અને લખાણોમાં વિવિધ વાનગીઓ અને ખાદ્ય પદાર્થોની સૂચિઓ, એ બનાવવાની રીત, પિરસવાની પદ્ધતિયો, સામૂહિક જમણવારની વિગતો વિસ્તૃતપણે આપી છે. એક ગ્રંથમાં ૯૦૦ શાકાહારી વાનગીઓમાં મોદક, અપૂપ, આમિક્ષ (ઉકળતા દૂધમાં દહીં નાખવાથી બનતી એક વાનગી), શષ્કુલી (સાંકળી), ખાદ્ય-ખાજું, ઊર્ણાયુ-સૂતરફેણી, વટી-વડી, કરંભક (કરમો) વગેરેનો સમાવેશ થાય છે. મધ્યયુગમાં મુસ્લિમ સત્તા દરમ્યાન મુસ્લિમો પોતાની સાથે રોટલી વણવાની કલા, કબાબ, કુલ્ફી, ગુલકંદ, ગુલાબચંદ ઝલ્લબિઆ (જલેબિ), પુલાવ, ફાલુદા બરફી, બિરંજ, બિરયાની, મુરબ્બો, શીરો, સક્કરપારા, હલવો વગેરે ખાદ્ય પદાર્થો લાવ્યા. પોર્ટુગીઝ બટેટા, ટમેટાં, તમાકુ, કોફી લાવ્યા. અંગ્રેજોએ ચા પીતા શીખવાડ્યું.

પંદરમી સદીમાં ભોજનમાં ઘઉં, બાજરો, ચોખા અને ચણાની વાનગીઓ વિશેષ બનાવાતી. સાધારણ લોકો રોટલા, ખીચડી, ઘેંસ, દાળ-ભાત અને શાકને અથાણા અને ખીચડી સાથે દહીંનો ઉપયોગ કરતા. ઉચ્ચ વર્ગના લોકો રોટલી, ભાખરી, પૂરી, દાળ-ભાત અને વિવિધ પ્રકારના શાકભાજી, દૂધ, દહીં, માખણ, ઘી અને તેલનો ઉપયોગ કરતા. પ્રાચીન કાળથી અર્વાચીન કાળ સુધીના દરેક સમયમાં અને ગુજરાતના બધા સ્થળે જોવા મળતી વાનગી ખીચડી છે. પંદરમી સદીમાં મિષ્ટાન્નમાં લાડુ અતિ લોકપ્રિય હતા.

એક જૂના ગ્રંથમાં ૩૬ પ્રકારના લાડુના નામ મળે છે. જેમ કે અડદના, ઉસડના, કરકરી, કેસરીઆ, ચૂરમા, ગુંદના, ટોપરાના, ચોખાના, તલના, પિપિરીના, મુગીઆ વગેરે. અન્ય મીઠાઈઓમાં ખાજા, ઘેવર, સુખડી, વેઢમી, લપનશ્રી (લાપસી), ખીર, બાસુંદી, પોળી, દશમી, ચૂરમું, ખાજલી, ગુરપાપડી, મહિસૂક, સક્કરપારા, દૂધપાક, કોહલાપાક, નાળિયેરપાક, આદાપાક, પિપરીપાક, ઈદરસાં, જલેબી, ફેણી, મગસ, શીરો, તિલ-સાંકળી, મટકી, સાકુલી, ગુંજા, ઘૂઘરી, કૌંચાપાક, ખરમા, સાકરના હારડા, સુહાલી વગેરેનો ઉલ્લેખ મળે છે. એ ગ્રંથમાં આપેલી ફરસાણની સૂચિમાં ઢોકળા, ઇડરી (ઈડલી) કે ઇદડા, ખાંડિમી (ખાંડવી), વિવિધ પ્રકારના વડા, વડી, પુડલા, પાપડ, સાળેવડા, દહીં-સાથવોનો સમાવેશ થાય છે. અન્ય વાનગીઓમાં સુંવાળી, મઠો, દહીંથરા, બાટી કુલેરના નામ આપ્યા છે. વડાના વિવિધ પ્રકારો જેવા કે મોતીઆ વડા, કાંજીવડા, દાળિયાવડા, ખાંડવડા, રાઈવડા, અડદ અને મગની દાળના વડાનાં નામ મળે છે. રાયતાના પણ નામ મળે છે. ભાતમાં ચોખાની જેવી કે શાલ, કમોદ, કરડિયા, કલમ, કરમ, કુંઆરી, ચંદ્રાણી, જીરાસાલ, ડાંગર, પંચશાલી વગેરે વિવિધ જાતોનો ઉપયોગ થતો. કરંબા નામની વાનગી ચોખાની બનાવટ હતી તેમાં કપૂર, એલચી, દહી વગેરેનો ઉપયોગ થતો. શાકભાજીમાં ડોડી, ટીંડુરા, વાલકુલી, ચોળાફળી, કઈરાં, કંકોડા, કારેલા, ખરબૂજા, ચીભડાં, કાકડી, મતીરાં, કાલિંગડા, તાંદળજા અને મેથીની ભાજી, અફીણ અને મૂળાની ભાજી વગેરે વિવિધ જાતો પિરસાતી કેળા એને કેરી પણ લોકપ્રિય ફળ હતા. દાળમાં મગ, અડદ, ચણા, તુવેર, ઝાલર વટાણા અને મસૂરની દાળના ઉલ્લેખો મળે છે.

પંદરમી સદીના લખાણમાં સમૂહભોજન, જ્ઞાતિભોજનના સ્થળની વ્યવસ્થા, મંડપના શણગાર, તાંબા-પિત્તળના વાસણો, વિવિધ વાનગીઓ પીરસવાના ક્રમ વગેરે આપેલા છે. જમવા માટે ત્રાટ, (ત્રાંસ-થાળી), વાટાં (વાટકા), વાટી (વાટકી, કચોળા (કટોરા) વગેરે વાસણોનો ઉપયોગ થતો. વાનગીઓ પિરસવાનો ક્રમ આ મુજબ હતો. પ્રથમ લીલો અને સૂકો મેવો પિરસાતો. ત્યારબાદ ભાત, દાળ, વડા, વડી, શાક, પાપડ, સાલેવડાં, વાણા, કૂર, કરંબા અને ઘોલ પીરસાતા. જમણ બાદ ફળો આપવામાં આવતા. પીવા માટે સુગંધિત પાણી પીરસાતું એને સુગંધિત બનાવવા માટે એમાં કપૂર, આંબલી, કાથો, કેવડો, ખાંડ, ચંદન, દ્રાક્ષ વગેરે નાખવામાં આવતા. જમ્યા પછી મુખવાસમાં તાંબુલ (પાન) ખાવાનો રિવાજ હતો. ગુજરાતમાં અડાગરાં, આંધીગામા, કપૂરવેલિયા, ચેઉલી, તબકી, નાગરખંડ, નાગરવેલ, પાખરિયાં, રાજાગર, માંગલુરા, વગેરે વિવિધ પ્રકારની તાંબુલની જાતો પ્રચલિત હતી. પાનમાં સોપારી, લવિંગ, તજ એલચી, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, કસ્તૂરી ઉપયોગ થતો. પીણામાં એ સમયે શેરડીનો રસ અને છાશ લોકપ્રિય હતા.

– **બિપિન થાનકી**, કચ્છમિત્રમાંથી સાભાર


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વસતિપત્રકની પુનઃગઠન પામેલ સમિતિને તેમનું કામ સમયસર, સરળતાથી પુરું થવા માટેની હાર્દિક શુભેચ્છા.

– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કોઠારામાં ચાતુર્માસ પ્રવેશ



અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પૂ. સાધ્વીશ્રી હર્ષશીલાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી ચૈત્યશીલાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ કોઠારા ગામે ચાતુર્માસ પ્રવેશ કરતાં કોઠારા જૈન સંઘ દ્વારા નરશી ભારમલ પટેલ પ્રવેશ દ્વાર પાસે તેઓશ્રીનું વાજતે ગાજતે શણગારેલા બેડા તથા ગહુંલીઓ સાથે સ્વાગત કરવામાં આવેલ.

કોઠારા મહાજનશ્રીના અધ્યક્ષ શ્રી નલીનભાઈ અજાણી, હેમંતભાઈ અજાણી, રાયચંદભાઈ લોડાયા, વીરચંદ ધરમશી, જયેશ જૈન, પ્રભાતસિંહ જાડેજા, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા તેમજ કોઠારા તથા ગામે ગામથી આવેલા શ્રાવક-શ્રાવિકાઓ સ્વાગત યાત્રામાં જોડાયા હતા. જિનાલયે દર્શન વંદન બાદ પૂજ્યશ્રીઓએ ઉપાશ્રયે પ્રવેશ કરી માંગલિક શ્રવણ કરાવતાં ચાતુર્માસનો મહિમા વર્ણવ્યો હતો. લક્ષ્મીબેને સ્વાગત ગીત રજુ કર્યું હતું. કુ. તોરલબેન જૈન ધર્મની તપરાધનાઓની સમજ પુરી પાડી હતી.

ગુરૂપૂજનના ચડાવાનો લાભ ગુણવંતીબેન રમેશ મોતા તથા ભારતીબેન હર્ષદ દેઢીયાએ, સૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી ભારતીબેન ભાગચંદ જૈન પરિવારે જ્યારે ચરિત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી અજાણી પરિવારે લીધો હતા.

આ પ્રસંગે શ્રી નલીનભાઈ અજાણી, શ્રી જયેશ જૈને પ્રસંગ અનુરૂપ ઉદ્‌બોધન કરી સૌને તપારાધનામાં જોડાઈ જવા જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભારવિધિ દીનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, ચન્દ્રકાન્ત મુનવર તથા કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## ભગિની સમાજ માનબાઈ પદમશી મહિલા મંડળ-માંડવી

ભગીની સમાજ માનબાઈ પદમશી મહિલા મંડળ - માંડવીને હિતેચ્છુ શ્રી હંશકુમારભાઈ ખીમજીએ તેમના જીવન સંગીની અને મંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી ભારતીબેનના સ્મરણાર્થે રૂા. એક લાખનું માતબર દાન આપ્યું છે. જે માટે મંડળે એમનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત અચલગચ્છ આધિષ્ઠિયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના શ્રી વાસુપુજ્ય જિનાલયે રવિવારને તા. ૧૪-૮-૨૦૧૬ના રાતના ૮.૩૦ કલાકે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી મણીબેન દામજી ગોસર પરિવાર - ગોયેર સમા વાળાએ લીધેલ છે.

આવતા માસની ભાવના તા. ૧૧-૯-૨૦૧૬ના છે જેનો લાભ માતુશ્રી માનબાઈ નેણશી વિકમશી પરિવાર - જખૌ વાળાએ લીધેલ છે.

## અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ

નાગપુરમાં હર વર્ષની જેમ આ વર્ષ પણ અષાઢી બીજના મહાકાલી માતાજીની ભાવના મેઘજી ભાણજી પોલડીયા (શાહ)ના ઘરે ભણાવવામાં આવી હતી. તેમાં સમાજના ભાઈઓ તેમજ અડોશ-પડોસની સારી હાજરી હતી.

## નવી મુંબઈ મધ્યે મહારાજ સાહેબના ચાતુર્માસ પ્રવેશ

નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં પરમ વિદુષી, ચારુલતાશ્રીજી મ.સા.ના શિષ્યા, આઠ વર્ષીતપના આરાધક, વર્ધમાન તપની ૬૩મી આયંબલિની ઓળીના આરાધક દીર્ઘ સંયમી પ.પૂ. તત્ત્વપ્રજ્ઞાશ્રીજી તથા એમના શિષ્યા, ક.દ.ઓ. જ્ઞાતિના ઈતિહાસ સૌ પ્રથમ વર્ધમાન તપની ૧૦૦ ઓળી (૫૦૦૦ આયંબિલ)ના આરાધક ઉગ્ર તપસ્વી પ.પૂ. જયપ્રજ્ઞાશ્રીજી મ.સા. (ગામ રાપર ગઢવારી) આ બંન્ને મ.સા. તા. ૫-૭-૨૦૧૬, મંગળવારના સવારે ચાતુર્માસ પ્રવેશ કરેલ છે.

દરરોજ વ્યાખ્યાન તેમજ સમય સમય પર બાળકો તથા મહિલાઓ માટે શિબિરો, ગચ્છાધિપતિના ૫૦મા વર્ષીતપના અનુમોદના અર્થે ૩૬ એકાસણા, તથા નવકાર મંત્રના ૯

એકાસણા, સાંકળ આયંબિલ તપ, પ્રતિક્રમણ અને સામાયિકની આરાધના ખૂબ સુચારુ રૂપે ચાલી રહી છે. તા. ૩૧ જુલાઈ શ્રી ચોવીસ તીર્થંકર લાંછન ભક્તિ અનુષ્ઠાન, ૭ ઓગસ્ટના ૨૨માં તીર્થંકર શ્રી નેમીનાથજીનું જન્મકલ્યાણક ઉજવાશે.

### કે.ડી.ઓ. ક્લાસિકની મોન્સૂન પિકનિક

કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા સભ્યોની મોન્સૂન પિકનિક રવિવાર તા. ૧૭/૭/૨૦૧૬ના સાયલેંટ રિસોર્ટ ખાતે યોજાઈ હતી જેમાં ૭૨ સભ્યોએ ભાગ લીધો હતો.

સભ્યોએ રિસોર્ટની રાઈડો તથા શ્રીમતી ચંદ્રિકા ચેતન લોડાયાએ રમાડેલી રમતોનો આનંદ ઉઠાવ્યો હતો.

આયોજનને સફળ બનાવવા પ્રેસીડન્ટ એડ. મિનલબેન ભરત ખોના, વાઈસ પ્રેસીડન્ટ શ્રીમતી સરસ્વતિ જયંત લાપસીયા, સેક્રેટરી કપિલ લહેરચંદ લોડાયા અને શ્રીમતી ચંદ્રિકા ચેતન લોડાયાએ જહેમત ઉઠાવી હતી.

### અમેરિકામાં ટી.વી. એશિયા પર
### પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજીના વ્યાખ્યાનો

પ.પૂ. સાધ્વીશ્રી ડૉ. જયદર્શિતાશ્રીજીના વ્યાખ્યાનો ૧લી ઑગસ્ટથી ૩૧મી ઑગસ્ટ સુધી ઈસ્ટ કોસ્ટ ટાઈમ સવારના ૮.૩૦ વાગ્યે અમેરિકા ટી.વી. એશિયા પરથી પ્રસારિત થશે.

આ ટી.વી. એશિયા ડિશ નેટવર્ક અને બીજી કેબલ ચેનલો પર ભારતમાં ય ઉપલબ્ધ છે.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**મોનિકા મહેન્દ્ર લોડાયા**
રાયપુર – તેરા
Chartered Accountant
Passed



**સુતેજ (જીજ્ઞા) કેતન મોતા**
તેરા – ડોંબિવલી
Diploma in Electrical Engg.
માં 90.30%



**મનાલી દિપક મોમાયા**
વરાડીયા – ઔરંગાબાદ
H.S.C. (Commerce)
માં 80.16%



**ઉદેશ પંકજ મોમાયા**
સાંયરા – કોચીન
Std. XII (Plus Two)
માં Passed



**અનુરાગ લલીત શાહ (ધરમશી)**
હૈદરાબાદ
10th Std. CBSE
10 CGPA (95%)



**કાજલ કમલેશ શિયાળ**
ડોંબિવલી – જખૌ
S.S.C. માં 57%



**રાશી ગિરીશ લોડાયા**
સાંયરા – હિંગોળી
Passed CA CPT with
Distinction 189/200



**પ્રીયલ (ઉષા) કુલીન લોડાયા**
ભાંડુપ
S.S.C. માં 83.40%

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મિતેશ એમ. ધરમશી** (PS 4166) | C/o. પારેખ મરીન એજેન્સીઝ, સી-૮, શક્તી નગર, પોસ્ટ બૉક્સ નં. ૨૦૦, ગાંધીધામ - ૩૭૦ ૨૦૧. કચ્છ. ફોનઃ ૦૨૮૩૬-૨૩૭૮૬૮, મો.: ૯૮૨૫૨૨૬૫૫૭ |
| **મહેન્દ્ર એમ. ધરમશી** (PS 1807) | એ ૬૦૩, ભગીરથ, પંત નગર પોલીસ સ્ટેશન પાસે, સુભાષ ચંદ્ર બોસ ગાર્ડન સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫. મો.: ૯૮૩૩૫૫૯૮૪૬ |
| **નિલેશ એસ. દંડ** (PS 3934) | એ-૧૭, રૂપનિકેતન કો.હા.સો., ૩જે માળે, સંત તુકારામ રોડ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૧. |
| **શ્રીમતી જીવણબેન એચ. નાગડા** (PS 2389) | એ-૬૦૩, ધી ગેટવે, ભારતી વિદ્યાપીઠ સ્કૂલ પાસે, બાલવાડી, પુણે-૪૧૧૦૪૫ મો.: ૯૮૨૨૭૯૭૯૯૪ |
| **મેહુલ કે. નાગડા** (PS 7268) | બી-૪૦૬, અંકિત કો.હા.સો., માનપાડા રોડ, કસ્તુરી પ્લાઝા કોમ્પ્લેક્સ સામે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૮૯૮૯૭૧૮૨૭૮ |
| **જવેરચંદ કે. ખોના** (PS 7269) | બી/૨, ઓમ આનંદ, તિલક નગર, ડૉ. તારા નાઈક હોસ્પીટલ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૭૬૯૦૩૨૮૮૮ |
| **શૈલેષ એમ. ડાઘા** (PS 7270) | ૧૩, વિશ્રાંતી ધામ, તાઈ પિંગલે ચોક, સર્વેશ હૉલ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૩૨૨૩૩૪૭૨૩ |
| **જીતેન્દ્ર બી. ધરમશી** (PS 3451) | ૨૫, આનંદ વિહાર, ૪થે માળે, દીનદયાલ રોડ, આનંદ નગર ગાર્ડન સામે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૮૨૦૭૯૫૦૯૬ |
| **ઉદિત એમ. ધરમશી** (PS 2756) | સી-૧, કસ્તૂરી ગ્રામ, એચ વૉર્ડની સામે, રેતી બંદર રોડ, ભોઈર વાડી, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **મણીલાલ એચ. મૈશેરી** (PS 4172) | C/o. શ્રીમતી આરતી જૈન, ફ્લેટ નં. ૨૦૮, આનંદ એપાર્ટમેન્ટ, ભૂરી કા અડ્ડા, દૌલત ગંજ, ઉજ્જૈન - ૪૫૬ ૦૦૬, મધ્ય પ્રદેશ |
| **ભરત એસ. ધરમશી** (PS 5716) | મંજુનાથ નિવાસ, વક્કલગિરી, સી.ડી.ઓ. હાઈ સ્કૂલ રોડ, ગદગ - ૫૮૨ ૧૦૩, કર્ણાટક. મો.: ૯૪૪૮૪૨૨૦૭૨ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૬ | ચિંચપોકલી | વિરમ, હેમાલી ગુણવંત કુમારપાળ મોતા | નલિયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૭-૧૬ | ડોમ્બીવલી | ખંતીલ ધનજી શામજી મોમાયા | વરાડીયા | ૨૭ |
| | પુના | ખુશ્બુ નીતીન કુલીનકાન્ત લોડાયા | સાંયરા | ૨૬ |
| ૧૯-૦૭-૧૬ | ડોમ્બીવલી | ધવલ હીરાચંદ ઠાકરશી પોલડીયા | ડુમરા | ૨૬ |
| | મુલુંડ | અવનીકા ખુશાલ લક્ષ્મીચંદ ધરમશી | મંજલ રેલડીયા | ૨૫ |
| ૨૧-૦૭-૧૬ | હૈદ્રાબાદ | યોગેશ નરેન્દ્ર હેમરાજ મૈશેરી | જખૌ | ૨૯ |
| | હૈદ્રાબાદ | રચના કુલીન દેવજી સોની | વાકું | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૭-૧૬ | યુએસએ | રોહન પ્રાગજીભાઈ કકારીયા | અમરેલી | ૨૯ |
| | યુએસએ | પ્રિયંકા ચન્દ્રસેન શામજી દંડ | સુથરી | ૨૬ |
| ૧૬-૦૭-૧૬ | અંધેરી | ધીરમ શાન્તીલાલ શીવલાલ શાહ | માંડવી | ૩૩ |
| | અંકલેશ્વર | ડેશમા કમલેશ માણેકજી દંડ | તેરા | ૩૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૭-૧૬ | યુએસએ | રોહન પ્રાગજીભાઈ કકારીયા | અમરેલી | ૨૯ |
| | યુએસએ | પ્રિયંકા ચન્દ્રસેન શામજી દંડ | સુથરી | ૨૬ |

### છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૬-૧૬ | ડોમ્બીવલી | કુમાર તલકચંદ મોમાયા | જખૌ | ૨૯ |
| | રાયપુર | વિરલ કુલીનકાંત જીવાણી | જખૌ | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૭-૧૬ | મુલુંડ | પુષ્પાબેન હરેશ મણીલાલ નાગડા | નલિયા | ૬૮ |
| ૨૦-૦૭-૧૬ | ડોમ્બીવલી | સરલા નવીનચંદ્ર ચાંપસી દંડ | બાયઠ | ૬૬ |

વ્હાલી માવડીને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

## આદરાંજલી...ઋણાંજલી...

# માતુશ્રી રતનબાઈ જેઠાભાઈ છેડા

(ગામ નલીયા-મુલુંડ)

દેવલોકગમન
તા. ૨-૮-૧૫



એક વરસથી આંખો તમારી છબીને છે તરસે,
સાવનની જેમ તમારી યાદમાં એ વરસે...
સહીને દુઃખોના ડુંગરા અમોને લાડ લડાવ્યા,
હસતાં હસતાં એ દુઃખોને હૈયે લગાડ્યા...
ફરિયાદ કદીય દુઃખોની ન આવી જુબાન પર તમારી,
શું શું ના વિતી પ્યારી 'માઁ' પર અમારી !!!
દરેક ભૂલો અને ગુન્હાઓને અમારા કરજો માફ,
એમ સ્વર્ગના દ્વાર અમારા માટે કરજો સાફ !!!
ફરિશ્તા પણ તને કરે ઝુકીને સલામ,
તેવા મળે તમને સ્વર્ગમાં દરજ્જો અને મુકામ !!!

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ અર્પે...
એજ પ્રાર્થના...

**શ્રદ્ધાંજલી અર્પણ કરનાર : જેઠાભાઈ દેવણાંદ છેડા પરિવાર (ગામ નલીયા-મુલુંડ)**

**પુત્ર-પુત્રવધુ** : અ.સૌ. ગીતા દિલીપ છેડા, અ.સૌ. પૂર્વી પિનાકીન છેડા

**પુત્રી-જમાઈ** : અ.સૌ. કૌશલ્યાબેન વિજય મોમાયા (ગામ વરાડીયા-સોલાપુર)
અ.સૌ. રાજુલબેન ગુલાબ નાગડા (ગામ નલીયા-હુબલી)
અ.સૌ. મૃદુલાબેન દિનેશ નાયક દંડ (ગામ કોઠારા-મુલુંડ)
અ.સૌ. મીરા જયંત નાગડા (ગામ નલીયા-કોપર)
અ.સૌ. જયશ્રી હેમન ગોગરી (ગામ પત્રી-મુલુંડ)

**પૌત્રી-જમાઈ** : અ.સૌ. રિદ્ધિ કુમાર લોડાયા (ગામ કોઠારા-ઘાટકોપર)

**પૌત્ર** : વૈભવ પિનાકીન છેડા **ભાવિ પુત્રવધુ** : નિરાલી નિર્મલ ગડા

**દોહિત્ર-દોહિત્રી** : નીલમ-ભૈરવી, મીતેષ-પૂનમ, કેકીન, અમી-કુણાલ, રાજીવ-નેહા

**પરદોહિત્ર-દોહિત્રી** : રશ્મી-કેવલ, શ્રુતિ-સ્મૃતિ, વેદાંત-રીધાન, કોશા-રીયા,
ખનન-ખનક, તનીસ્કા, વિઆન

**પિયર પક્ષ** : સ્વ. દામજી વેલજી ડાઘા પરિવાર (કચ્છ વરાડીયા-ચેન્નઈ-કોઈમ્બતુર)

BINITA SATISH MARU : 98690 34162

।। શ્રી ચંદ્રપ્રભુ દાદાય નમઃ।।  ।। શ્રી પાર્શ્વનાથ દાદાય નમઃ।।

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી





## શ્રી મોટી ખાવડી તીર્થે

## દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ




### જિનાલયની ૧૩૯ મી ધ્વજા મહોત્સવ ઉજવણીનો અહેવાલ

બે દિવસીય સંપૂર્ણ કાર્યક્રમના આયોજનના લાભાર્થી પરિવાર

## માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા (ભાભાવાળા) પરિવાર

શ્રી મોટી ખાવડી તીર્થ મુકામે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી જીનાલયના શિખરે લહેરાતી પ્રભુજીના ગાદીનશીન થયાની ૧૩૯ મી ધ્વજાનો બે-દિવસીય આરોહણ મહોત્સવ તા. ૧૩/૦૬/૧૬ અને તા. ૧૪/૦૬/૧૬ ના રોજ રોમાંચિત, આનંદિત, ઉલ્લાસીત વાતાવરણમાં પરિપૂર્ણ થયો.

અચલગચ્છાધિપતી પ. પૂ. તપસ્વી રત્ન ગુણોદયસાગર સૂરીશ્વરજી મ. સા., આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ. સા., પ. પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ. સા. આદી ઠાણા, મુનીશ્રી જયભાનુ શેખરશ્રીજી અને મુનીશ્રી હીરશેખશ્રીજી મ. સા. ના દિવ્યા આશિષ આ મહોત્સવ પ્રસંગે વરસી રહ્યા. મહોત્સવની શરૂઆત તા. ૧૩/૦૬/૨૦૧૬ ના રોજ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન દ્વારા કરવામાં આવેલ. મુંબઇ તેમજ બહારગામથી બહોળી સંખ્યામાં પધારેલ મહેમાનો ગામવાસીઓ તેમજ મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા પરિવાર (ભાભાવાળા) ના આમંત્રણને માન આપીને પધારેલ તેમના સગા સંબંધીઓએ ખૂબજ આનંદ ઉત્સાહભેર આ પૂજનનો લાભ લીધો.

તા. ૧૪/૦૬/૨૦૧૬ ના દ્વિતિય દિવસે સવારના ૯.૩૦ કલાકે સતરભેદી પૂજાની શરૂઆત કરવામાં આવી અને લાભાર્થી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવેલ આયુર્વેદિક નિઃશુલ્ક મેડીકલ અને નિદાન કેમ્પનું ઉદ્દઘાટન દાતા પરિવારના શ્રી માણેકજી રૂપશી લોડાયા, સ્થાનિક ધારાસભ્ય શ્રી હકુભા જાડેજા, ગામના સરપંચ શ્રી પ્રવિણસિંહ જાડેજા, અન્ય આગેવાનો તેમજ શ્રી સંઘના ટ્રસ્ટીઓના હસ્તે કરવામાં આવેલ. આ સર્વ નિદાન આર્યુવેદિક કેમ્પમાં તજજ્ઞો દ્વારા વિવિધ રોગની ચકાસણી કરવામાં આવેલ અને જરૂરિયાતમંદને દવા પણ આપવામાં આવેલ. લગભગ ૫૦૦-૬૦૦ ભાઇ-બહેનોએ આ કેમ્પનો લાભ લીધેલ. આ વિસ્તારમાં આ પ્રકારના કેમ્પનું આ સર્વ પ્રથમ આયોજન કોઇ સર્વેએ શ્રી સુનીલભાઇ લોડાયાને આ કેમ્પનું આયોજન કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન આપ્યા. આ કેમ્પ લાયન્સ ક્લબ ઓફ જામનગર અને આયુર્વેદિક યુનિવર્સિટી જામનગર ના સહકાર થી યોજવામાં આવેલ. આ પ્રસંગે ધારા સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલ તેમજ અન્ય રાજકીય આગેવાનોએ હાજરી આપેલ.

બરોબર ૧૧.૦૦ કલાકે જીનાલયની ધ્વજારોહણ કરવામાં આવેલ. ખૂબજ આનંદ અને ઉત્સાહ સાથે સર્વેએ આ ધ્વજારોહણ કાર્યક્રમમાં ભાગ લીધેલ. જીનાલયની આ ધ્વજા મહોત્સવના પ્રસંગે લાભાર્થી પરિવાર દ્વારા ગામ જમણનું આયોજન કરવામાં આવેલ. જેમાં લગભગ ૨૦૦૦ માણસોએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો. આ બે-દિવસીય મહોત્સવમાં બન્ને દિવસ સવારે નવકારશી, બપોરે સાધર્મિક ભક્તિ તેમજ સાંજના ચૌવિહારની વ્યવસ્થા તેમજ મુંબઇ થી આવેલ ગામવાસીઓ તેમજ મહેમાનોની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા પણ લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવેલ. આ બે-દિવસીય મહોત્સવના સુંદર આયોજનના લાભાર્થી પરિવાર માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા પરિવારનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ તેમજ લાભાર્થી પરિવારે પણ આ પ્રસંગનો લાભ આપવા માટે શ્રી સંઘ માટે આભારની લાગણી વ્યક્ત કરેલ અને સર્વે પધારેલ મહેમાનોનો તેમજ આ કાર્યક્રમને સફળ આયોજન માટે મદદ રૂપ થનાર સર્વે કાર્યકર્તાઓનો ખૂબ-ખૂબ આભાર માનવામા આવેલ.

લી. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી

નોંધ : શ્રી ચંદ્રપ્રભદાદા જીનાલયની આગમી ધ્વજા પ્રસંગે બે દિવસીય કાર્યક્રમ - શ્રાવણ સુદ પાચમને રવિવાર, તા. ૭/૮/૧૬ ના અઢાર અભિષેક તેમજ શ્રાવણ સુદ છઠને સોમવાર, તા. ૮/૮/૧૬ ના સત્તરભેદી પૂજા અને ધ્વજા રોહણ કાર્યક્રમ તેમજ બપોરે શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ છે. આ ધ્વજાનો લાભ શ્રી કેવલ ત્રિભુવન લોડાયા હસ્તે શ્રીમતી ગીતા ત્રિભુવન હેમરાજ લોડાયાએ લિધેલ છે. સર્વે ગામવાસીઓને પધારવા સ્નેહભર્યુ આમંત્રણ છે.

।। શ્રી ચંદ્રપ્રભુ દાદાય નમઃ।। ।। શ્રી પાર્શ્વનાથ દાદાય નમઃ।।

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી

## શ્રી મોટી ખાવડી તીર્થે દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ જિનાલયની ૧૩૯ મી ધ્વજા મહોત્સવના ક્ષણચિત્રો



સુશોભિત શ્રી પાર્શ્વનાથદાદા જીનાલય





ગામવાસીઓ તેમજ મહેમાનોનું સ્વાગત





શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજનમાં કુટુંબીજનો



શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બાદ આરતી



મેડીકલ કેમ્પ પહેલા નવકાર મંત્રનું પઠન



મેડીકલ કેમ્પનું ઉદ્ઘાટન કરતા શ્રી માણેકજીભાઇ લોડાયા



મેડીકલ કેમ્પ પ્રસંગે ટ્રસ્ટીગણ



મેડીકલ કેમ્પ પ્રસંગે મહાનુભવો



દાતા પરીવારનું બહુમાન



મેડીકલ કેમ્પ પ્રસંગે શ્રી હકુભા જાડેજા,
શ્રી રાઘવજીભાઇ પટેલ તેમજ બીજા મહાનુભવો



ધ્વજાની પ્રદક્ષિણા



ધ્વજાની પ્રદક્ષિણા કરતા શ્રી હકુભા, સુનિલભાઇ તથા જ્યોતીબેન





ધ્વજાની પૂજા તેમજ ધ્વજા લહેરાતા પારસ સુનિલ લોડાયા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# લાલકા અને લોડાયા પરિવાર નું ગૌરવ



## CA *Nirav Mahesh Lalka*

(વારાપદ્ધર - આદિપુર)

ચિ. નિરવ એ વડીલો ના આશીર્વાદ તેમજ અથાક મહેનત અને લગન થી ચાર્ટડ એકાઉન્ટન્ટ (CA) ની ડીગ્રી પ્રાપ્ત કરી ને જીવન ને નવી દિશા આપતુ સ્વપ્ન સાકાર કરી લાલકા તથા લોડાયા પરીવાર નું ગૌરવ વધારેલ છે. જીવનમાં ઉતરોતર પ્રગતિ કરી સફળતાના શિખરો સર કરે એવી હાર્દિક શુભકામનાઓ સહ શુભાશિષ.

**: શુભેચ્છક :**

દાદા-દાદી : અ.સૌ. રતનબાઇ અને ખીમજી ચત્રભોજ લાલકા
મા-બાપા : અ.સૌ. હીના અને હરીશ ખીમજી લાલકા
માતા-પિતા : અ.સૌ. મીના અને મહેશ ખીમજી લાલકા
કાકી-કાકા : અ.સૌ. નીલમ અને ભદ્રેશ ખીમજી લાલકા
કાકી-કાકા : અ.સૌ. વૈશાલી અને કમલેશ ખીમજી લાલકા
ફુઈ-ફુવા : અ. સૌ. કલ્પના અને રાજેન્દ્ર દેવશી મૈશેરી
ફુઈ-ફુવા : અ.સૌ. જયોતી અને મુકેશ માણેકજી લોડાયા
ફુઈ-ફુવા : અ.સૌ. રશ્મીના અને સતીષ પ્રેમજી લોડાયા

નાની-નાના : સ્વ. કમલબાઈ અને સ્વ. દેવશી શામજી લોડાયા (કોઠારા - હાલે ડોમ્બીવલી)
મામી-મામા : અ.સૌ. મીતા અને રતીલાલ દેવશી લોડાયા
મામી-મામા : અ.સૌ. ઉર્મીલા અને ખુશાલ દેવશી લોડાયા
માસી-માસા : અ.સૌ. દમયંતી અને હિરાચંદ વેલજી કાયાણી
માસી-માસા : અ.સૌ. સુશીલા અને મણીકાંત શીવજી પોલડીયા
માસી-માસા : અ.સૌ. પ્રભા અને ચેતન વિરચંદ છેડા
માસી-માસા : અ.સૌ. અંજના અને બિપીન જીવરાજ મોમાયા

બહેન : CS. નીરાલી મહેશ લાલકા
ભાઈઓ : હર્ષ ભદ્રેશ લાલકા, અક્ષત કમલેશ લાલકા

ભાઈ-ભાભી : અ.સૌ. હર્ષિકા અને હીમાશું હરીશ લાલકા
ભાઈ-ભાભી : અ.સૌ. સારીકા અને આશિષ હરીશ લાલકા

ભત્રીજી : હેત્વી હીમાંશુ લાલકા

**SHREE CHINTAMANI SALT WORKS**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,